dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 176 | AD - 2025, Chaitra Sud -03 | Tuesday, Dt.01-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### જેડીયુ વક્ફ સુધારા બિલના પક્ષમાં છે અને નીતિશકુમાર દ્વારા આપવામાં આવેલા તમામ સૂચનોને પણ સુધારેલા બિલમાં સ્થાન આપવામાં આવ્યું

# વક્ફ સુધારા બિલ રજૂ થાય તે પહેલા જ સરકારને JDUના ત્રણ સૂચનો

નવીદિલ્હી, તા.૩૧

કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં ગૃહમાં વક્ફ સુધારા બિલ રજૂ કરી શકે છે. આ પહેલા એનડીએના સાથી પક્ષ JDUએ સરકારને ત્રણ સૂચનો આપ્યા છે. પાર્ટીના સૂત્રો કહે છે કે તેમને સરકાર તરફથી ખાતરી મળી છે કે જ્યારે આ બિલ ચર્ચા માટે આવશે ત્યારે તેમના સૂચનોનો સમાવેશ કરવામાં આવશે. ચાલો જાણીએ કે નીતિશ કુમારના નેતૃત્વ હેઠળના જેડીયુએ સરકારને કયા ત્રણ સૂચનો આપ્યા છે. જદયુએ સરકારને કહ્યું છે કે જમીન રાજ્યનો વિષય હોવાથી, નવા કાયદામાં પણ આ જ પ્રાથમિકતા જાળવી રાખવી જોઈએ. જેડીયુનું બીજું સૂચન એ છે કે નવો કાયદો પાછલી અસરથી લાગુ થશે નહીં, જો વક્ફ મિલકત નોંધાયેલ હોય. આનો અર્થ એ થયો કે નોંધાયેલ વક્ફ મિલકતોને અસર થશે નહીં, પરંતુ નોંધાયેલ ન હોય તેવી કોઈપણ વિવાદિત અથવા સરકારી મિલકતનું ભવિષ્ય વક્ફ બિલમાં નિર્ધારિત ધોરણો અનુસાર નક્કી કરવામાં આવશે. ઉપરાંત, જો કોઈ વક્ફ મિલકત સરકારી જમીન પર હોય તો તેનો નિર્ણય પણ બિલ મુજબ જ થશે. જેડીયુનું ત્રીજું અને છેલ્લું સૂચન એ છે કે જો કોઈ વક્ફ મિલકત નોંધાયેલ ન હોય પરંતુ તેના પર મસ્જિદ, દરગાહ વગેરે જેવી કોઈ ધાર્મિક ઈમારત બનેલી હોય, તો તેને તોડી ન પાડવી જોઈએ. તેમનો દરજ્જો જાળવી રાખવો જોઈએ. સૂત્રોના જણાવ્યા અનુસાર, એનડીએના ઘટક જદયુ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની પહેલ પર કેન્દ્ર સરકાર ઈદ સુધી વક્ફ સુધારા બિલ લાવશે નહીં. નીતિશ કુમારને ડર છે કે આ બિલ આ ઓક્ટોબરમાં યોજાનારી બિહાર વિધાનસભાની ચૂંટણીઓને અસર કરશે. જોકે, જેડીયુ વક્ફ સુધારા બિલના પક્ષમાં છે અને નીતિશ કુમાર દ્વારા આપવામાં આવેલા તમામ સૂચનોને પણ સુધારેલા બિલમાં સ્થાન આપવામાં આવ્યું છે. જોકે, કેન્દ્ર સરકાર વક્ફ સુધારા બિલમાં વિલંબ પાછળ સંસદમાં અન્ય કાયદાકીય કામગીરીનો હવાલો આપી રહી છે. બિહારમાં વક્ફ બિલ સામે ભારે વિરોધ પ્રદર્શન થયું હતું. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ



લો બોર્ડે પટનામાં મહાધરણાનું આયોજન કર્યું હતું. વિધાનસભાથી લઈને શેરીઓ સુધી દેખાવો થયા. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ એઆઈએમપીએલબીના આ વિરોધ પ્રદર્શનને વિવિધ રાજકીય પક્ષોએ ટેકો આપ્યો હતો. એઆઈએમપીએલબીએ સંસદમાં રજૂ કરાયેલા વક્ફ બિલને પાછું ખેંચવાની માંગ કરી અને મુખ્યમંત્રી નીતિશ કુમાર જેવા ધર્મનિરપેક્ષ નેતાઓને આ વિવાદાસ્પદ બિલને સમર્થન આપવા પર પુનર્વિચાર કરવા વિનંતી કરી હતી. બીજી તરફ, કોંગ્રેસના નેતા તારિક અનવરે કહ્યું હતું કે તેમને આશા છે કે નીતિશ કુમાર વક્ફ બિલ સંસદમાં રજૂ કરવામાં આવશે ત્યારે તેનો વિરોધ કરશે. એ સારું છે કે નીતિશે લાંબા સમયથી જે પરંપરાનું પાલન કરી રહ્યા છે તે ચાલુ રાખી છે. અમે ઇચ્છીએ છીએ કે તેઓ એવો સંદેશ આપે કે તેઓ ડોળ નથી કરી રહ્યા. તારિક અનવરે કહ્યું કે બિહારના મુખ્યમંત્રીએ મુસ્લિમો સંબંધિત બાબતોમાં ભારતીય જનતા પાર્ટીના માર્ગે ન ચાલવું જોઈએ. અમારું માનવું છે કે નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુ વક્ફ બિલને સમર્થન નહીં આપે. હજુ પણ આશા છે કે કેન્દ્ર સરકાર જ્યારે સંસદમાં બિલ લાવશે ત્યારે નીતિશ કુમાર, જેઓ પોતાની ધર્મનિરપેક્ષ છબી જાળવી રાખે છે, તેઓ સ્પષ્ટ વલણ અપનાવશે. ભાજપના સાંસદ અને વક્ફ (સુધારા) બિલ પર જેપીસીના અધ્યક્ષ, જગદંબિકા પાલે કહ્યું કે જ્યારે ઘણા મુસ્લિમ ધાર્મિક નેતાઓ આ બિલને સમર્થન આપી રહ્યા છે, ત્યારે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ તેનો વિરોધ કરી રહ્યું છે. અલવિદા કી નમાઝના દિવસે, તેમણે લોકોને આ બિલના વિરોધમાં કાળી પટ્ટી પહેરવાનું કહ્યું... પણ શા માટે? જગદંબિકા પાલે કહ્યું કે, સુધારેલો કાયદો હજુ ગૃહમાં આવ્યો નથી. આજે મુસ્લિમો મોદીની ભેટ માટે વડાપ્રધાન મોદીનો આભાર માની રહ્યા છે. આપણે બધાના સમર્થન, બધાના વિકાસ વિશે વાત કરી રહ્યા છીએ. કોંગ્રેસ પાર્ટી, અસદુદ્દીન ઓવૈસી અને એઆઈએમપીએલબી મુસ્લિમોને વોટબેંક તરીકે જોઈ રહ્યા છે અને તેમને ખુશ કરી રહ્યા છે. તેજસ્વી યાદવે કહ્યું કે તેમનો પક્ષ આ બિલનો સખત વિરોધ કરશે કારણ કે તે ગેરબંધારણીય અને સરમુખત્યારશાહી સ્વભાવનું છે. આરજેડી નેતાએ કહ્યું કે તે નાગપુરિયા વિચારધારાથી પ્રેરિત છે. તેજસ્વીનો ઈશારો RSS તરફ હતો, જેનું મુખ્ય મથક મહારાષ્ટ્રના નાગપુરમાં છે. તેજસ્વીએ સીએમ નીતિશ પર નિશાન સાધતા કહ્યું કે કેટલાક લોકો સત્તાના લોભને કારણે બિલનું સમર્થન કરી રહ્યા છે. ભોપાલમાં, લોકો હાથમાં કાળી પટ્ટી બાંધીને ઈદની નમાજ અદા કરવા પહોંચ્યા હતા. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે વક્ફ બોર્ડ સુધારા બિલનો પ્રતીકાત્મક વિરોધ કરવા માટે નમાજ દરમિયાન હાથ પર કાળી પટ્ટી બાંધવાની હાકલ કરી હતી.

# પંજાબમાં ડૉ.બાબાસાહેબની જન્મજયંતિના દિવસે પ્રતિમાઓ દૂર કરવામાં આવે : પન્નુની ધમકી

### આગામી દિવસોમાં મોટી ઘટનાને અંજામ આપવાનો દાવો




ચંડીગઢ,તા.૩૧

શીખ ફોર જસ્ટિસ (SFJ)ના આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ હવે પંજાબના ફિલ્લોરના નાંગલ વિસ્તારમાં ખાલિસ્તાની સૂત્રો લખ્યા હોવાનો દાવો કર્યો છે. આ સૂત્રો ડૉ. ભીમરાવ આંબેડકરની પ્રતિમા પર લખેલા છે. જ્યાં પહેલા ખાલિસ્તાની ધ્વજ ફરકાવવામાં આવ્યો અને "શીખ હિન્દુ નથી" અને "SFJ ખાલિસ્તાન ઝિંદાબાદ" જેવા નારા લખવામાં આવ્યા છે. આતંકવાદી પન્નુએ આ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ જાહેર કર્યો છે. વીડિયોમાં, પન્નુ આગામી દિવસોમાં પંજાબમાં એક મોટી ઘટનાને અંજામ આપવાનો દાવો કરી રહ્યો છે. જેના કારણે પંજાબના પરસ્પર ભાઈચારાને પણ અસર થઈ શકે છે. પન્નુ ઈચ્છે છે કે રાજ્યની બધી પ્રતિમાઓ ૧૪ એપ્રિલ, ભીમરાવ આંબેડકરની જન્મજયંતિના દિવસે દૂર કરવામાં આવે, કારણ કે બંધારણના કારણે જ શીખોને અલગ ઓળખ મળી નથી.

# પ્રધાનમંત્રીના હસ્તે ૧૯ એપ્રિલે ઉધમપુરમાં વિશ્વના સૌથી ઉંચા રેલવે પુલનું ઉદ્‌ઘાટન

### જમ્મુ-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપશે



જમ્મુ,તા.૩૧

પ્રધાનમંત્રી મોદી ૧૯ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેશે. સૌ પ્રથમ તેઓ ઉધમપુરમાં વિશ્વના સૌથી ઊંચા રેલવે પુલ (ચેનાબ પુલ)નું ઉદ્‌ઘાટન કરશે. આ પછી, તેઓ માતા વૈષ્ણો દેવી પાસે કટરા પહોંચશે અને જમ્મુ-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપશે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે હાલમાં જમ્મુ રેલવે સ્ટેશન પર સમારકામનું કામ ચાલી રહ્યું છે, જેના કારણે કટરાથી ટ્રેન સેવા અસ્થાયી રૂપે શરૂ કરવામાં આવી રહી છે. સમારકામનું કામ પૂર્ણ થયા પછી, આ ટ્રેન ઓગસ્ટથી જમ્મુથી દોડવાનું શરૂ કરશે. કટરા-શ્રીનગર પર ટ્રેનનું પરીક્ષણ ૨૫ જાન્યુઆરીએ કરવામાં આવ્યું હતું, જે સફળ રહ્યું હતું. ટ્રેન સવારે ૮ વાગ્યે કટરાથી નીકળી અને કાશ્મીરના છેલ્લા સ્ટેશન શ્રીનગરમાં સવારે ૧૧ વાગ્યે પહોંચી હતી. એટલે કે ૧૬૦ કિલોમીટરની મુસાફરી ૩ કલાકમાં પૂર્ણ થઈ હતી.




# છત્તીસગઢમાં દંતેવાડા અને બીજાપુર જિલ્લામાં નક્સલીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ



દંતેવાડા,તા.૩૧

છત્તીસગઢના દંતેવાડા અને બીજાપુર જિલ્લાના સરહદી વિસ્તારોમાં સોમવારે સવારે નક્સલ વિરોધી ઓપરેશન પર નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે વધુ એક અથડામણ થઈ હતી. જેમાં ઘણા નક્સલવાદીઓ માર્યા ગયાના સમાચાર છે. અત્યાર સુધીમાં, એન્કાઉન્ટર સ્થળ પરથી એક મહિલા નક્સલવાદીનો મૃતદેહ, એક ઈન્સાસ રાઈફલ અને દારૂગોળો સાથે રોજિંદા ઉપયોગની અન્ય વસ્તુઓ મળી આવી છે. વિસ્તારમાં સુરક્ષાદળોનું સર્ચ ઓપરેશન ચાલુ છે. આ પહેલા ૨૯ માર્ચે સુકમામાં થયેલા એન્કાઉન્ટરમાં નક્સલવાદીઓને ભારે નુકસાન થયું હતું. સુરક્ષા દળોએ ૧૬ નક્સલવાદીઓ પર હુમલો કર્યો હતો. આ ઓપરેશન દરમિયાન બે જવાનોને સામાન્ય ઈજા થઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ એન્કાઉન્ટર કેરળપાલ પોલીસ સ્ટેશન વિસ્તારના જંગલોમાં થયું હતું, જ્યાં સુરક્ષા દળોની ટીમ નક્સલ વિરોધી અભિયાનમાં હતી. એક અધિકારીએ જણાવ્યું કે ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (DRG) અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના જવાનો આ ઓપરેશનમાં સામેલ હતા. સુકમામાં એન્કાઉન્ટર બાદ બીજાપુરમાં ૫૦ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું હતું. છેલ્લા અઢી મહિનામાં છત્તીસગઢના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં ૧૩૩ નક્સલવાદીઓ માર્યા ગયા છે. પોલીસે જણાવ્યું કે બીજાપુરમાં આત્મસમર્પણ કરનારા ૫૦ નક્સલવાદીઓમાંથી ૧૪ નક્સલવાદીઓના માથા પર ૬૮ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. આત્મસમર્પણ કરાયેલા નક્સલવાદીઓને સરકારની પુનર્વસન નીતિ હેઠળ મદદ આપવામાં આવશે, જેથી તેઓ સમાજની મુખ્ય ધારામાં જોડાઈ શકે અને શાંતિપૂર્ણ જીવન જીવી શકે.









## મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે મળી ઈદની શુભકામના પાઠવી

# અમરેલી જિલ્લામાં રમજાન ઈદની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લાના વિવિધ શહેરોમાં તા.૩૧ના રોજ ઈદ-ઉલ-ફિત્રની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ સ્થળોએ ઈદગાહ પર મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો એકત્રિત થયા હતા. વહેલી સવારથી જ શહેરની વિવિધ મસ્જિદોમાં મુસ્લિમ બિરાદરોની આવન-જાવન શરૂ થઈ ગઈ હતી. ઈદગાહ ખાતે વિશેષ નમાજ અદા કરવામાં આવી હતી. નમાજ બાદ સૌએ એકબીજાને ગળે મળીને ઈદની મુબારકબાદી પાઠવી હતી. બગસરા શહેરમાં રમજાન ઈદની ઉજવણી કરવામાં આવી હતી જેમાં શહેરમાં ઈદગાહ અને મસ્જિદોમાં નમાઝ અદા કરવામાં આવી હતી. મુસ્લિમ ભાઈઓએ એકબીજાને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી. શહેરમાં શાંતિમય માહોલ અને ખુશહાલી સાથે ઈદની ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં અને આખા દેશમાં ભાઈચારા સાથે બધા તહેવારો ઉજવાય તેવી દુવાઓ પણ કરવામાં આવી હતી. શહેરમાં રમજાન ઈદની નમાજ બાદ મુસ્લિમ બંધુઓમાં ખુશીનો માહોલ છવાયો હતો. અમરેલીમાં પણ ઈદની ઉજવણી કરવામાં આવી હતી. સાવરકુંડલામાં ઈદની સામૂહિક ઉજવણી કરવામાં આવી હતી. રમઝાન માસ એ મુસ્લિમ સમુદાય માટે એક મહત્વપૂર્ણ તહેવાર છે. રમઝાન ઈદ ઈસ્લામિક ચંદ્ર કેલેન્ડરના નવમા મહિના રમઝાનના અંતે ઉજવાય છે, જે એક મહિનાના ઉપવાસ (રોજા), પ્રાર્થના અને આધ્યાત્મિક ચિંતનનો સમય હોય છે. આ તહેવાર પવિત્ર રમઝાન મહિનાના સમાપનની ખુશી અને અલ્લાહ પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો પ્રસંગ છે. ધારી, બાબરા, રાજુલા વગેરે જિલ્લાઓમાં પણ ઈદની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.


તસવીર : હાર્દિક બામટા


તસવીર : સૌરભ દોશી

# અમરેલીના સરંભડા ગામે મિત્રના હાથે મિત્રની હત્યા

**બંને મિત્રો એકલવાયુ જીવન જીવતા હોય મૃતક અનેકવાર આરોપીના ઘરે રોકાતો હતો**

અમરેલી,તા.૩૧

સરંભડા ગામમાં એક ચકચારી હત્યાનો બનાવ સામે આવ્યો છે. સરંભડા ગામમાં રહેતા ૪૦ વર્ષીય રમેશભાઈ હરીયાણીની મિત્ર દ્વારા હત્યા કરવામાં આવી છે. મૃતદેહ તેમના રહેણાંક મકાનમાંથી મળી આવ્યો હતો. પોલીસને શરૂઆતથી આ યુવકની હત્યા થઈ હોવાની શંકા હોવાથી પોલીસે એક આરોપીની અટક પણ કરી હતી. આ અંગે ડીવાયએસપી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે, મરણ જનાર રમેશ હરીયાણી અને ગુલાબ કાછડીયા એકલવાયુ જીવન જીવતા હોય અને મૃતક રમેશ તેના મિત્ર ગુલાબ કાછડીયાના ઘરે અવારનવાર રોકાતો હોય તેમજ બંનેને પીવાની ટેવ હોય જેથી સામાન્ય વાતમાં બોલાચાલી થઈ હોય અને બોલાચાલી મારામારી સુધી પહોંચી હોવાથી રમેશ હરીયાણીનું મોત થયુ હોય તેમ પોલીસ માની રહી છે. પોલીસે ગુલાબ કાછડીયા સામેના તમામ પુરાવા પણ એકત્ર કરી લીધા છે. આમ, અમરેલીના સરંભડા ગામે મિત્રના હાથે મિત્રની હત્યા થઈ હતી. જો કે મોતનું કારણ જાણવા લાશનો ફોરેન્સીક રિપોર્ટ આવવાનો બાકી હોવાનું અંતમાં ડીવાયએસપી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું.

# ધારીનાં માણાવાવ ગામતળ વિસ્તારમાં આગ લાગતા સૂકું ઘાસ બળીને ખાખ

**સરપંચ દ્વારા અમરેલી ફાયર ફાઈટરને જાણ કરાતા આગને કાબૂમાં લેવામાં આવી**

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી આગ લાગવાની ઘટના જાણે સામાન્ય બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. ધારી તાલુકાનાં માણાવાવ ગામતળ વિસ્તારમાં આગ લાગતા સૂકું ઘાસ બળીને ખાખ થઈ ગયું હતું. આગ લાગતા જ ગામના સરપંચ દ્વારા અમરેલી ફાયર ફાઈટરને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયર વિભાગની ટીમે આવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી.



# સાવરકુંડલા નગરપાલિકા દ્વારા એક જ દિવસમાં ૧૬.૪૯ લાખની વેરા વસૂલાત

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલા નગરપાલિકાના હાઉસ ટેક્સ વિભાગ દ્વારા ૩૧/૩/૨૫ ના રોજ બાકી વેરાની વસૂલાત માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ ઝુંબેશમાં એક જ દિવસમાં ૧૬,૪૯,૦૦૦ રૂપિયાના બાકી વેરાની વસૂલાત કરવામાં આવી હતી. આ ઝુંબેશ ખાસ કરીને ૩૧ માર્ચના રોજ યોજાઈ હતી, જે નાણાકીય વર્ષનો છેલ્લો દિવસ હતો. આ દિવસે જાહેર રજા હોવા છતાં, સાવરકુંડલા નગરપાલિકાના હાઉસ ટેક્સ વિભાગે નાગરિકોની સુવિધા માટે વિશેષ ઝુંબેશનું આયોજન કર્યું હતું. આ ઝુંબેશને નાગરિકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ઝુંબેશના કારણે, સાવરકુંડલા નગરપાલિકાને બાકી વેરો વસૂલવામાં મદદ મળી હતી, જેનો ઉપયોગ શહેરના વિકાસ માટે કરવામાં આવશે.



# શહેર કોંગ્રેસ અને પરિવર્તન ટ્રસ્ટ દ્વારા રામજી મંદિરે મહાઆરતી યોજાશે

અમરેલી, તા.૩૧

અમરેલીમાં શહેર કોંગ્રેસ સમિતિ અને પરિવર્તન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે રામનવમીની ભવ્ય રીતે ઉજવણી કરવા કોંગ્રેસ પ્રમુખ સંદીપ પંડ્યા અને પરિવર્તન ટ્રસ્ટના પ્રમુખ શરદ ધાનાણી દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તા.૬/૪/૨૦૨૫ને રવિવારે ભગવાન શ્રી રામ જન્મોત્સવ નિમિત્તે ચૈત્ર સુદ નોમ-રામનવમીના દિને શહેર કોંગ્રેસ સમિતિ અને સેવાકીય સંસ્થા-પરિવર્તન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અમરેલીના રામજી મંદિર ખાતે સાંજે ૭:૦૦ કલાકે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે. આ મહાઆરતીમાં લ્હાવો લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમરેલી શહેરમાં પોલીસે મહિલા પાસેથી ગૌમાંસનો જથ્થો અને હથિયારો જપ્ત કર્યા

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લામાં આગામી રામનવમીના તહેવાર પહેલા પોલીસે મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ સીટી પોલીસે ગૌમાંસના વેચાણ અંગે ચોક્કસ બાતમી મેળવી હતી. પોલીસે મોટા ખાટકીવાડ, ડુબાણીયા વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ દરમિયાન જરીનાબેન હાજીભાઈ કાલવા નામની મહિલાને ગેરકાયદેસર ગૌમાંસના જથ્થા સાથે ઝડપી લીધી હતી. પોલીસે આરોપી પાસેથી એક ઓટોરિક્ષા, ૧૭ કિલોગ્રામ ગૌમાંસ, એક લોખંડનો કોયતો અને માંસ કાપવા માટેના સાધનો જપ્ત કર્યા છે. જપ્ત કરાયેલા મુદ્દામાલની કિંમત રૂ. ૮૫૦૦ આંકવામાં આવી છે. સીટી પોલીસે આરોપી મહિલાની અટકાયત કરી છે.



# અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ અમરેલી દ્વારા સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો

અમરેલી, તા.૩૦

અમરેલીમાં સુમન સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત સર્વ જ્ઞાતિ ભવ્ય સમૂહલગ્નનું તા.૨-૩-૨૫ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહલગ્નમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર ૧૦ દીકરીઓના ધામધૂમથી વિનામૂલ્યે લગ્ન કરાવવામાં આવ્યા હતા. આ સમૂહલગ્ન સમારંભના પ્રમુખ જીતુભાઈ ડેર, ઉદ્ઘાટક મનીષાભાઈ ભંડેરી, શાંતીભાઈ રાણવા સરપંચ વરૂડી, મુકેશભાઈ દેથલીયા, ગોવિંદભાઈ રાઠોડ બગસરા, મગનભાઈ કાબરીયા, નારણભાઈ મકવાણા, જયદેવસિંહ વાળા, લાલજીભાઈ પાટડીયા, મગનભાઈ મકવાણા હાજર રહેલ. આ સમૂહલગ્નના આયોજનમાં ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ ગોહિલ, પરશોતમભાઈ એન. મકવાણા, ભીખુભાઈ પી. મકવાણા, રતનબેન આર. બલદાણીયા, શંભુભાઈ પી. માલકીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.



# ધારી ખાતે નવનિયુક્ત અમરેલી ભાજપ પ્રમુખ અતુલ કાનાણીનું સન્માન કરાયું

ધારી, તા.૩૧

ધારી ખાતે નવનિયુક્ત અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનું ભવ્ય સન્માન ધારી તાલુકા ભાજપ બક્ષજપંચ મોરચા દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં અમરેલી જિલ્લા બક્ષી. મોરચા પ્રમુખ ભરતભાઈ ડાભી, મહામંત્રી વિજયભાઈ ધાધલ, ઉપપ્રમુખ લાલજીભાઈ ગોઢાણીયા, મંત્રી રવિભાઈ વાળા, મંત્રી અરવિંદભાઈ દવે, મંત્રી રાજેશભાઈ વાઘેલા બક્ષીપંચ મોરચાના ઉમેશભાઈ ધાધલ, સંજયભાઈ જાદવ, ગોબરભાઈ નકુમ તેમજ બક્ષીપંચ મોરચાના તમામ હોદ્દેદારોએ હાજર રહીને પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડીને અતુલભાઈ કાનાણીને સન્માનિત કર્યા હતા.












# બગસરામાં ડોર ટુ ડોર કચરો ઉપાડવાની જવાબદારી આજથી ખાનગી કંપનીના શીરે

**પાલિકાનો માસિક ખર્ચ રૂા.૨.૫૦ લાખ થતો હતો, ખાનગી કંપનીનું રૂા.૨.૩૭ લાખનું ટેન્ડર મંજૂર**

અમરેલી,તા.૩૧

બગસરા નગરપાલિકા હસ્તક ડોર ટુ ડોર કચરો ઉપાડવાની જવાબદારી હવે ખાનગી કંપનીના શીરે સોંપવામાં આવી છે. આજે તા.૧ના રોજથી શહેરમાં કચરો ઉપાડવાની જવાબદારી હરીઓમ કંપનીને સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે. બગસરા પાલિકા દ્વારા અત્યાર સુધી ડોર ટુ ડોર કચરો ઉપાડવામાં આવતો હતો. જેમાં માસિક રૂા.૨.૫૦ લાખનો ખર્ચ થતો હતો જો કે હવે ખાનગી કંપનીને ડોર ટુ ડોર કચરો ઉપાડવાની જવાબદારી સોંપવામાં આવતા તેમને માસિક રૂા.૨.૩૭ લાખ ચુકવવામાં આવશે. આ ખર્ચમાં ગાડીનું મેન્ટેનન્સ, ડ્રાઈવરનો પગાર સહિત આવરી લેવામાં આવ્યો છે. ડોર ટુ ડોર કચરા માટે થતો ખર્ચ સ્વભંડોળમાંથી ચુકવવામાં આવતો હતો હવે ખાનગી કંપનીને ખર્ચ નાણાપંચની ગ્રાન્ટમાંથી ચુકવવામાં આવશે. ખાનગી કંપની ફરજમાં બેદરકાર રહેનાર ડ્રાઈવરને ફરજ મોકૂફ પણ કરી શકશે. હાલ તો નગરપાલિકાએ ડોર ટુ ડોર કચરો એકત્ર કરવાની કામગીરી ખાનગી કંપનીને સોંપતા ભ્રષ્ટાચાર પર બ્રેક લાગશે. જો ખાનગી કંપની ડોર ટુ ડોર કચરો ઉપાડવામાં બેદરકારી દાખવશે તો પાલિકામાં જ તેની ફરિયાદ થઈ શકશે. હવે નગરપાલિકાએ ખાનગી કંપનીને ડોર ટુ ડોર કચરો એકત્ર કરવાની જવાબદારી સોંપ્યા બાદ કેવી કામગીરી કરવામાં આવે છે તે જોવાનુ રહ્યું.

**અસામાજિક તત્વોમાંથી પોલીસનો રોફ ઉતર્યો?**

# અમરેલીના નાના માચીયાળા ગામે અસામાજિક તત્વો બેફામ, સરપંચ પર જીવલેણ હુમલો

અમરેલી,તા.૩૧

અમરેલીના નાના માચીયાળા ગામના સરપંચ પર અસામાજિક તત્વ દ્વારા લોખંડ પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો છે. નાના માચીયાળાના સરપંચ વનરાજભાઈ ડાંગર પર અસામાજિક ઈસમ દ્વારા હુમલો કરાતા ચકચાર મચી જવા પામી છે. ગત રાત્રિના અકસ્માત દરમિયાન અસામાજિક ઈસમ ગાડીઓના કાચ તોડતા હોય ત્યારે



સરપંચે ના પાડતા જીવલેણ હુમલો કરાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. નાના માચીયાળાના સરપંચ વનરાજભાઈ ડાંગરને હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. હાલ નાના માચીયાળા ગામના સરપંચને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. નાના માચીયાળા ગામે અસામાજિક તત્વોનો આંતક વધતા પોલીસ તંત્ર પર અનેક સવાલો ઉઠ્યા છે. આવા અસામાજિક તત્વો બેફામ બનીને જાણે પોલીસે પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે.

**જુની અદાવતમાં મારા પર હુમલો કરાયો : સરપંચ**

સરપંચ વનરાજભાઈ ડાંગરે જણાવ્યું હતુ કે, રાત્રીના અકસ્માત થતા અસામાજિક તત્વોને અન્ય કારના કાચ ફોડતા રોકતા રાત્રીના સમયે પાઈપનો ઘા માર્યો હતો. સવારના ઓટલા પર ઉભા હતા ત્યારે હાથ-પગ અને કમર પર પાઈપના ઘા માર્યા હતા અને ગામમાં કેમ રહે છે તેવી ધમકી આપી હતી. જુની અદાવતમાં આ હુમલો જયરાજ ઉર્ફે ટીડાએ કર્યો હોવાનું સરપંચે જણાવ્યું હતું.

# અમરેલીમાં ગોપાલક છાત્રાલય ખાતે સ્વ. બેચરબાપાને શ્રદ્ધાંજલિ અપાઈ



અમરેલી, તા.૩૧

અમરેલીમાં ગોપાલક છાત્રાલય ખાતે સ્વ. બેચરબાપાના આત્માને ચિર શાંતિ, મોક્ષ મળે તે માટે જિલ્લા ભરવાડ સમાજ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ નિમિત્તે હરહંમેશ માનવસેવા માટે તત્પર રહેતા અને પરોપકારી બેચરદાદાની યાદમાં વૃક્ષારોપણ, રક્તદાન કાર્યક્રમ યોજાયો હતો. ગોપાલક છાત્રાલય માટે ઘઉં, ચોખા, તેલ અને ઘી આપીને જિલ્લા-તાલુકાના ભાઈઓએ ધન્યતા અનુભવી હતી.

# અમરેલી એલસીબી ટીમે સુરતના વરાછા પોલીસ સ્ટેશનના અપહરણના ગુનાનો ભેદ ઉકેલ્યો

**વરાછા પોલીસ સ્ટેશનમાં સગીરાના અપહરણનો ગુનો દાખલ થયો હતો**

અમરેલી, તા.૩૧

અમરેલી એલ.સી.બી. પીઆઈ વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે રાજુલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમી આધારે એક ઈસમને સગીરા સાથે પકડી પાડ્યો હતો. તેની પૂછપરછ કરી, ખરાઈ કરતા સુરત શહેરના વરાછા પોલીસ સ્ટેશનમાં સગીરાના અપહરણનો ગુનો દાખલ થયેલો હોવાની હકીકત મળી હતી.

સુરેશ ભોળાભાઈ સાંખટ (ઉ.વ.૨૧, રહે.સુરત, વરાછા, આદર્શનગર)ને પકડી પાડી સુરત શહેરના વરાછા પોલીસ



સ્ટેશનના હવાલે કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. અમરેલી એસપીની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પીઆઈ વી.એમ. કોલાદરા તથા એ.એસ.આઈ. ભીખુભાઈ ચોવડીયા, હેડ કોન્સ. મહેશભાઈ રાઠોડ, જયેન્દ્રભાઈ બસીયા, ગોકળભાઈ કળોતરા તથા પોલીસ કોન્સ. પરેશભાઈ દાફડા, અજયભાઈ વાઘેલા દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# અમરેલી નાગરિક બેંકે ગત વર્ષે ૬.૬૪ કરોડનો નફો કર્યો

અમરેલી, તા.૩૧

અમરેલી નાગરિક બેંકનો વર્ષ ૨૦૨૪-૨૫માં ૬.૬૪ કરોડનો નફો જાહેર કર્યો હતો. બેંકની થાપણ ગત વર્ષે ૧૭૮.૧૩ કરોડ હતી. જે આ વર્ષે વધીને ૧૯૧.૦૪ કરોડ થયેલ છે. થાપણમાં ૧૨.૯૧ કરોડનો વધારો થયો છે. તા.૩૧/૦૩/૨૫નાં રોજ બેંકનું ધિરાણ ૧૦૮.૦૨ કરોડ થયેલ છે. ગત વર્ષે બેંકનો નફો રૂા. ૩.૩૫ કરોડનો હતો. જે ચાલુ વર્ષે ૩.૨૯ કરોડનો વધારો થતાં કુલ નફો ૬.૬૪ કરોડનો થયેલ છે. બેંક દ્વારા સભાસદોને ૧૫ ટકા ડિવિડન્ડ આપવામાં આવશે. બેંકના કાર્યમાં ચેરમેન જયેશભાઈ નાકરાણી, વાઈસ ચેરમેન ભાવિનભાઈ સોજીત્રા, મેનેજીંગ ડિરેક્ટર શૈલેષભાઈ સંઘાણી, ડિરેક્ટર પી.પી.સોજીત્રા તેમજ સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને સમગ્ર સ્ટાફની ટીમ નફાને આભારી છે.

**વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા**

# અમરેલી શહેરમાં રામનવમી મહોત્સવની તૈયારીઓ શરૂ

**ભગવાન શ્રીરામનાં ચિત્ર સાથે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું**





અમરેલી, તા.૩૧

અમરેલી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા રામનવમીની ઉજવણી માટે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. પરશુરામધામ ખાતે દરરોજ સાંજે વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરાઈ રહ્યું છે. ગઈકાલે ભગવાનશ્રી રામનાં ચિત્ર સાથે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. વિજેતા થયેલ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શહેરનાં પત્રકારમિત્રો દ્વારા સાંજની આરતી કરવામાં આવી હતી. આજે બહેનો દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# લીલીયા સિવિલ હોસ્પિટલની મુલાકાતે ધારાસભ્ય મહેશ કસવાલા

લીલીયા,તા.૩૧



લીલીયા-સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ રવિવારે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ અને કાર્યકરો સાથે પોતાના મત વિસ્તારમાં લીલીયા મોટા ખાતેની સિવિલ હોસ્પિટલની અચાનક મુલાકાત લીધી હતી. આ તકે ડો. નીચિત છત્રોલા, મનીષભાઈ પટેલ, નર્સિંગ સ્ટાફ, ઓફિસ સ્ટાફ દ્વારા દર્દીઓને હોસ્પિટલમાં આપવામાં આવતી વિવિધ સુવિધા અંગે ધારાસભ્યને માહિતગાર કરાયા હતા. આ મુલાકાતમાં ગૌતમભાઈ વિંછીયા, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, ભનુભાઈ ડાભી, કેપ્ટન ધામત, ઘનશ્યામ મેઘાણી, હિતેશ પરમાર, વિજય ગજેરા સહિતના કાર્યકરો પણ ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# સેવાસેતુ અમરેલી દ્વારા ધારી પોલીસ સ્ટેશન ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ધારી, તા.૩૧

ધારી ખાતે અમરેલી જિલ્લા


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 133

**સંકુલ MA-M.Com.-M.Sc.-MBA-MCA કોલેજ**

★ MA ઈંગ્લીશ – MA મનોવિજ્ઞાન – MA સમાજશાસ્ત્ર – રેગ્યુલર કોલેજ
★ M.Com. ગુજરાતી મિડીયમ – M.Com. ઈંગ્લીશ મિડીયમ – રેગ્યુલર કોલેજ
★ M.Sc. માઈક્રોબાયોલોજી – M.Sc. બાયોટેક્નોલોજી – રેગ્યુલર કોલેજ
★ MBA - MCA કોલેજ – GTU સંલગ્ન - AICTE માન્ય – રેગ્યુલર કોલેજ
★ All-PG કોલેજમાં હોસ્ટેલ ગર્લ્સ – સીટી ગર્લ્સ – સીટી બોયઝને પ્રવેશ મળશે.
★ All-PG કોલેજ માટે–બિલ્ડીંગ–ગેઈટ–એન્ટ્રી–એક્ઝીટ–શીફ્ટ–અલગ રહેશે.




સેવા સેતુ દ્વારા ધારી પોલીસ સ્ટેશનમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઉપસ્થિત જિલ્લા કિસાન મોરચા મહામંત્રી પરેશ પટણી, હિરેન પટણી અને પોલીસ સ્ટાફ હાજર રહેલ. પીઆઈ ગઢવી અને સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ હતું.

## અવસાન નોંધ

**મહુવા**

સ્વ. ધનજીભાઈ ઓધવજીભાઈ વાળાના પત્ની સવિતાબેન (ઉ.૧.૭૬) તે રમણભાઈ, સ્વ. જીતુભાઈ, ગંગાબેન હરેશકુમાર (ભોભા)ના માતુશ્રી તા.૨૯/૩ને શનિવારે રામચરણ પામેલ છે.

**મહુવા**

અનવરભાઈ કાસમભાઈ અજમેરી (અજમેરી ગાદલાવાળા, (૬.૪.૬૫) તે અલ્તાફભાઈ, સલીમભાઈના મોટાભાઈ, સોથબભાઈ, જાવેદભાઈ, અરમાનભાઈના પિતાશ્રી તા.૨૭/૩ને ગુરૂવારે અવસાન પામેલ છે.





**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બગસરા રમત-ગમત સંકુલ બન્યુ પાલિકાના ભંગારનો ડેલો

**માત્ર એક બેડમિન્ટન હોલ ચાલુ, પાલિકા પ્રમુખના વિસ્તારમાં રમત-ગમત સંકુલના ખસ્તાહાલ**



અમરેલી,તા.૩૧

બગસરામાં નગરપાલિકા દ્વારા મોટાઉપાડે રમતવીરો માટે રૂા.૪૦ લાખ કરતા વધુનો ખર્ચ કરી રમત-ગમત સંકુલ બનાવવામાં આવ્યુ હતું પરંતુ પાલિકાએ રમતવીરોના ઉપયોગને બદલે આ જગ્યાએ ભંગારના ડેલામાં ફેરવી નાખ્યુ હોય તેવો ઘાટ સર્જાતા રમતવીરોમાં પાલિકાની નીતિ સામે આક્રોશ ફેલાયો છે. બગસરામાં અમરેલી રોડ પર રૂા.૪૦ લાખ કરતા વધારેના ખર્ચે પાલિકા પ્રમુખના વોર્ડમાં અટલજી રમત-ગમત સંકુલ બનાવવામાં આવ્યું છે. જો કે આ સંકુલમાં માત્ર ઈન્ડોર ગેમ્સ જ રમી શકાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. મેદાનમાં વોલીબોલ, ટેનિસ, બાસ્કેટબોલ રમી શકાય તેવી જગ્યા હોવા છતાં પાલિકાએ પોતાના ભંગાર વાહનો, પાઈપલાઈન સહિતની વસ્તુઓ મેદાનમાં રાખી દેતા રમતવીરોએ માત્ર ઈન્ડોર ગેમ જ રમવી પડે છે. રાજય સરકાર દ્વારા ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવે છે પરંતુ ભાજપ શાસિત પાલિકા રમતવીરોની સુવિધા છીનવી રહ્યુ છે. હાલ પાલિકા પ્રમુખના વિસ્તારમાં જ રમત-ગમત સંકુલના ખસ્તાહાલ જોવા મળી રહ્યાં છે. લાખો રૂપિયાના ખર્ચે બનેલા આ સંકુલની કોઈ દેખરેખ રાખવામાં આવતી નથી. આમ, રમતવીરોની સુવિધા છીનવાતા ભારે રોષ ફેલાયો છે.

**ધારાસભ્ય જે.વી.કાકડીયા દ્વારા ૨૧ લાખ રકમ મંજૂર કરવામાં આવ્યા હતા**

# સરસીયા ગામે પીલુકીયા ડેમના નવીનીકરણનું અતુલ કાનાણીના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

અમરેલી, તા.૩૧

ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા ધારી તાલુકાના સરસીયા ગામે પીલુકિયા ડેમનાં નવીનીકરણ માટે રૂ.૨૧ લાખ જેવી માતબર રકમ મંજૂર કરાવેલ હોય જેનું અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, પૂર્વ પ્રમુખ જીતુભાઈ જોશી, ધારી તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, જિલ્લા પંચાયત સદસ્ય ખોડાભાઈ ભુવા, જિલ્લા પંચાયત પૂર્વ સદસ્ય ધનજીભાઈ ડાવરા, સરસીયા ગામનાં સરપંચ મંગળુભાઈ વાળા, મોણવેલ ગામનાં સરપંચ જેનિલભાઈ ડાવરા તેમજ ગામનાં આગેવાનો તથા ગ્રામજનો હાજર રહ્યાં હતાં.



# સાવરકુંડલામાં શનિવારીમાં ખરીદી કરવા ગયેલા યુવકનો ફોન ચોરાયો

**યુવક રેલવે ગેટમેન તરીકે નોકરી કરે છે**

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલામાં રેલવે ક્વાર્ટરમાં રહેતો અને ગેટમેન તરીકે નોકરી કરતો યુવક શનિવારીમાં ખરીદી કરવા ગયો હતો. આ દરમિયાન તેનો મોબાઈલ ફોન ચોરાયો હતો. બનાવ સંદર્ભે મૂળ બિહારના અને હાલ સાવરકુંડલામાં રેલવે ક્વાર્ટરમાં રહેતા રાકેશકુમાર મહેન્દ્રપ્રસાદ યાદવ (ઉ.વ.૩૩) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમના પત્ની સાથે સાવરકુંડલાની શનિવારી બજારમાં ખરીદી કરવા ગયા હતા. તેમનો મોબાઈલ ફોન થેલામાં મુક્યો હતો. જેને અજાણ્યો ચોર ઈસમ સ્વીચ ઓફ કરી લઈ ગયો હતો.

# લાઠીમાં યુવકના ઘરમાં ઘૂસીને ધારિયું માર્યુ:બંને પક્ષોની સામસામી ફરિયાદ

લાઠી, તા.૩૧

લાઠીમાં બે પક્ષોમાં માથાકૂટ થતાં મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. સુનીલભાઈ કાદુભાઈ ચારોલીયા (ઉ.વ.૩૧) એ બાલાભાઈ સામતભાઈ ચારોલીયા, સંજયભાઈ બાલાભાઈ ચારોલીયા, રામલાલભાઈ બાલાભાઈ ચારોલીયા, ભરતભાઈ ગોયાભાઈ આહીર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઝૂંપડાની અંદર આવીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ અમરેલી વાળા રમેશભાઈ વાઘેલાની દીકરીને ભગાડી છે અને અગાઉ થયેલ મારામારીમાં વાહનમાં તોડફોડ કરી છે તેમ કહી હાથમાં રહેલું ધારીયું માર્યું હતું. ઉપરાંત મુંઢમાર માર્યો હતો. તેમજ જતા જતા મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ રામલાલભાઈ બાલાભાઈ ચારોલીયા (ઉ.વ.૨૫)એ કાદુભાઈ ચારોલીયા, સુનીલભાઈ કાદુભાઈ ચારોલીયા, જુલીબેન કાદુભાઈ ચારોલીયા, કાળુભાઈ કાદુભાઈ ચારોલીયા તથા હેતલબેન કાદુભાઈ ચારોલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના બા' ઈજાપામનાર ગીતાબેન સાહેદ સાથે તમામ આરોપીઓ એકસંપ કરી બોલાચાલી કરતા હતા. જેથી તેમણે શું બોલાચાલી કરો છો તેમ કહી તમે પોલીસને અમારૂં નામ કેમ આપ્યું જણાવીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત હાથમાં રહેલ લોખંડના પાઈપ વતી માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# કથીવદર ગામની પરિણીતાનો હાથ પકડી યુવકે બાથ ભરી લીધી

**મારી સાથે બોલવું છે તેમ પણ કહ્યું**

રાજુલા, તા.૩૧

રાજુલાના કથીવદર ગામે એક પરિણીતાનો હાથ પકડી યુવકે બાથ ભરી હતી. તેમજ મારી સાથે બોલવુ છે તેમ કહ્યું હતું.

બનાવ સંદર્ભે પરિણીતાએ જય (દેવકા ગામ વાળો) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ સાંજે સાત વાગ્યે વોશરૂમમાંથી બહાર નીકળ્યા ત્યારે આરોપીએ તેનો હાથ પકડીને બાથ ભરી લીધી હતી. ઉપરાંત મારી સાથે બોલવું છે તેમ કહ્યું હતું. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ વી.એન. જાની વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા યુવાનોને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું

અમરેલી, તા.૩૧

ભારતીય લશ્કરમાં ઉજ્જવળ અને ગૌરવશીલ કારકિર્દી બનાવવા ઈચ્છુક યુવાનોને માર્ગદર્શન મળી રહે તે માટે વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. જામનગર આર્મી ભરતી કાર્યાલય (ARO JAMNAGAR) અને અમરેલી જિલ્લા રોજગાર કચેરીના સંકલન અને સહયોગથી યોજવામાં આવેલી આ વીડિયો કોન્ફરન્સમાં જિલ્લાની તમામ આઈટીઆઈ, પોલીટેક્નિક અને અન્ય કોલેજના વિદ્યાર્થીઓ-ઉમેદવારો જોડાયા હતા. ARO JAMNAGAR દ્વારા અગ્નિવીરની ભરતી તથા તેને લગતી વિગતો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ભારતીય થલ સેનામાં અગ્નિવીરની વિવિધ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા હાલમાં શરુ છે. આ લશ્કરી ભરતી મેળામાં અગ્નિવીર જનરલ ડ્યુટી, ટેક્નિકલ, અગ્નિવીર (ઓફિસ આસિસ્ટન્ટ, સ્ટોર કિપર, ટેક્નિકલ) અગ્નિવીર ટ્રેડ્સમેન તમામ ટ્રેડ માટે લાયકાત, વર્ષ, લેખિત પરીક્ષા અને શારિરીક કસોટી, ફોર્મ ભરવા માટેની વિગત વગેરે બાબતોને આવરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉમેદવારો-વિદ્યાર્થીઓને ભારતીય લશ્કરમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ગ્રામ પંચાયતની ચૂંટણીનું મનદુઃખ રાખી નવી જીકાદ્રી ગામે યુવક પર હુમલો કર્યો

જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદના નવી જીકાદ્રી ગામે રહેતા એક યુવક પર ગ્રામ પંચાયતની ચૂંટણીનું મનદુઃખ રાખી હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે લાલાભાઈ દેશાભાઈ બોરીચા (ઉ.વ.૨૯) એ મહેશભાઈ અમરૂભાઈ વરૂ, ચંપુભાઈ ભાભલુભાઈ વરૂ તથા સુરેશભાઈ જગુભાઈ વરૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ગામની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં આરોપી મહેશભાઈ અમરૂભાઈ વરૂના કૌટુંબીક ભાઈ ભરતભાઈ આરોપી મહેશભાઈની વિરૂદ્ધમાં સભ્ય તરીકે ઉભેલ હતા. આ મહેશભાઈને ગમતી વાત ન હોય અને તેમને એમ હોય કે તેઓ તેના ભાઈઓને ભેગા થવા નથી દેતો. તેનું મનદુઃખ રાખી તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમજ ગાળો આપી અને શરીરે મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# ઝાપોદર ગામે નવા પુલનું સાંસદ ભરત સુતરીયાએ ખાતમુહૂર્ત કર્યું

રાજુલા, તા.૩૧



ઝાપોદર ગામે આગરીયા નદીના નવા પુલનું ખાતમુહૂર્ત માનનીય સંસદ સભ્ય ભરતભાઈ સુતરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું, આ તકે રાજુલા તાલુકા સરપંચ એસોસિએશન પ્રમુખ મનુભાઈ ધાખડા, સરપંચ ઝાપોદર દ્વારા સંસદ સભ્ય ભરતભાઈ સુતરીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. માર્કેટિંગ યાર્ડના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ વનરાજભાઈ વરૂ, તાલુકા પંચાયત પ્રમુખ નનકાદાદા, અશોકભાઈ ધાખડા, નગરપાલિકા પ્રમુખ મયુર દાદા સહિત મોટી સંખ્યામાં નેતાઓ, કાર્યકરો અને ઝાપોદરના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચોથ
તા. ૦૧-૦૪-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૧૧,
સૂર્યાસ્ત-૦૬:૩૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૦૧-૦૪-૨૦૨૫ મંગળવાર

મેષ: ઘર બહારની પ્રવૃત્તિઓ પર પણ તમારું ધ્યાન રાખો. તમારી યોગ્યતા અને ધંધાકીય કુશળતાને કારણે લાભની નવી તકો મળી શકે છે.

વૃષભ: ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ વધવાથી તમારા વર્તનમાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. તમે કોઈપણ શ્રેષ્ઠ નિર્ણય લઈ શકશો.

મિથુન: તમારી બૌદ્ધિક ક્ષમતાને કારણે તમને કેટલાક સકારાત્મક પરિણામો મળશે, જેનાથી સંબંધીઓ અને પરિવારમાં તમારું સન્માન વધશે.

કર્ક: આજે તમને તમારા ખાસ કાર્યને પૂર્ણ કરવામાં કોઈ ખાસ મિત્રનો સહયોગ મળશે. આર્થિક સ્થિતિમાં પણ સુધારો થઈ શકે છે.

સિંહ: આજે પરિસ્થિતિ ખૂબ જ સમૃદ્ધ છે. આ સમયે ગ્રહોની સ્થિતિ તમારી મહત્વપૂર્ણ યોજનાઓ શરૂ કરવા માટે ઊર્જા પ્રદાન કરે છે.

કન્યા: થોડા દિવસોથી ચાલી રહેલા કામમાંથી રાહત મેળવવા માટે આરામ અને મનોરંજનમાં સમય પસાર કરો. ઘર અને પરિવાર પ્રત્યે તમારું યોગદાન પણ રહેશે.

તુલા: મિત્રો સાથે સારો સમય પસાર થશે. તમે તમારી યોગ્યતા દ્વારા કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેશો જે લાભ આપી શકે છે.

વૃશ્ચિક: તમારું કોઈપણ કામ પ્લાનિંગ અને સકારાત્મક વિચારો સાથે કરવાથી તમને નવી દિશા મળશે. ઘરમાં સુધારણા સંબંધિત કોઈ યોજનાઓ સાકાર થશે.

ધન: આ સમયે ગ્રહોની સ્થિતિ તમારા પક્ષમાં સારી બની રહી છે. તેને યોગ્ય રીતે માન આપો. વિદ્યાર્થીઓને શિક્ષણ સંબંધી યોગ્ય પરિણામ મળશે.

મકર: આ દિવસોમાં તમે તમારી કાર્યશૈલી અને વ્યક્તિત્વ પર વધુ ધ્યાન આપી રહ્યા છો. જેનાથી તમે સકારાત્મક પરિણામ મેળવી શકો છો.

કુંભ: આજે તમે તમારા અને તમારા પરિવાર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છો. અન્ય લોકોની સલાહ અને ધાર્મિક કાર્યોમાં પણ સારો સમય પસાર થશે.

મીન: આજે કેટલાક પારિવારિક વિવાદો ઉકેલાઈ જવાથી ઘરમાં આરામ અને શાંતિનું વાતાવરણ રહેશે. તમે તમારી અંગત પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો.

# રાજુલા નગરપાલિકાનાં નિવૃત્ત થયેલા કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો

રાજુલા, તા.૩૧



રાજુલા નગરપાલિકાના નિવૃત્ત થયેલા કર્મચારી કમલેશભાઈ વ્યાસનો વિદાય સમારંભ ભંડારીયા હનુમાનજી મંદિરે આયોજિત કરવામાં આવ્યો હતો, જ્યાં મંદિરે થાળ ધરવામાં આવ્યો હતો. આ સમારંભમાં નગરપાલિકાના મુખ્ય અધિકારી ભાવનાબેન ગોસ્વામી, રાજુલા નગરપાલિકાના પ્રમુખ મયુર દાદા દવે, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ વાઘ, પૂર્વ પ્રમુખ સંજયભાઈ ધાખડા, નગરપાલિકાના ચેરમેન હેમલભાઈ વસોયા અને નગરપાલિકાના સદસ્યો હાજર રહ્યા હતા. આ ઉપરાંત, રાજુલા નગરપાલિકાના કર્મચારીઓ કમલેશભાઈ મહેતા, અનકભાઈ ધાખડા, અજયભાઈ ગોહિલ અને પ્રભાત જોશી પણ આ વિદાય સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ધોરણ ૫ થી ૯ ના વિદ્યાર્થીઓ માટે પુસ્તક વાંચન કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૩૧



અમરેલીની શ્રીજી વિદ્યાર્થી ભુવન શાળામાં ધોરણ ૫ થી ૯ ના વિદ્યાર્થીઓ માટે પુસ્તક વાંચન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રના મહાપુરુષોના જીવન અને કવન પરના પુસ્તકોનું વાંચન કર્યું હતું અને તેમના વિશે સામૂહિક ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓએ પુસ્તકોની વિસ્તૃત સમીક્ષા કરી હતી અને પોતાના જ્ઞાન અને બૌદ્ધિક ક્ષમતાને વધારવા માટે પુસ્તકોના વાંચનનું મહત્વ સમજ્યું હતું. પુસ્તકોના વાંચન દ્વારા વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષાઈ હતી. રાષ્ટ્રના ઘડતરમાં ઉમદા યોગદાન આપનારા રાષ્ટ્રવીરોના જીવનમાંથી વિદ્યાર્થીઓએ પ્રેરણા અને માર્ગદર્શન મેળવ્યું હતું.

# સાવરકુંડલામાં મહિલા પાસેથી ૧૨ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો

સાવરકુંડલા, તા. ૩૧

અમરેલી જિલ્લામાં છ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ ઝડપાયો હતો. સાવરકુંડલામાંથી એક મહિલાના રહેણાંક મકાનેથી ૧૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય પાંચ સ્થળેથી ૧૯ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. જાફરાબાદ, સાવરકુંડલા અને અમરેલીમાંથી એક-એક ઈસમ કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા. પાંચ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# જાફરાબાદમાં આગથી ત્રણ કરોડનું નુકસાન

જાફરાબાદ, તા.૩૧

જાફરાબાદમાં રહેતા બાલુભાઈ નાનજીભાઈ સાંખટએ જાહેર કર્યા મુજબ, અભય સપ્લાયર્સ નામના કચરાના પ્રોસેસ પ્લાટમાં કામ ચાલુ હતું. આ પ્લાન્ટમાં મજૂરો કામ કરતા હતા. બપોરના આશરે એકાદ વાગ્યે બધા મજૂરો મશીન બંધ કરી જમવા જતા રહ્યા હતા. આ કચરો પ્લાસ્ટિકનો મુલાયમ તથા રબર તથા ફાયબરનો હોય અને કચરો મશીનમાં પ્રોસેસ થતા કચરો ગરમ થઈ જતાં આગ લાગતા કુલ રૂ.૩,૦૧,૩૦,૦૦૦નું નુકસાન થયું હતું.

# અમરેલીમાં પીસી-પીએનડીટી વિભાગ દ્વારા ડોકટરોનો રિઓરીએન્ટેશન વર્કશોપ યોજાયો

અમરેલી, તા.૩૧




અમરેલી જિલ્લાના પીસી-પીએનડીટી વિભાગ દ્વારા તા.૨૮-૩-૨૦૨૫ના રોજ પીસી-પીએનડીટી એકટ-૧૯૯૪ અન્વયે રજીસ્ટર્ડ ડોકટરોના રિઓરીએન્ટેશન વર્કશોપનું આયોજન પી. બી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ. વર્કશોપની શરુઆતમાં ડો. આર. એમ. જોષી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ પધારેલ અધિકારી-પ્રાઈવેટ રેડિયોલોજીસ્ટ તથા ગાયનેકોલોજીસ્ટનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ સાથે પી.બી. પંડ્યાએ અમરેલી જિલ્લાનો સેકસ રેશીયો ઉંચો રહે તે માટે તમામ ડોકટરોને સહયોગ આપવા જણાવેલ. આ વર્કશોપમાં ડો. આર.આર. વૈદ્ય, નિવૃત્ત મદદનીશ નિયામક (એમ.સી.એચ.) ગાંધીનગર દ્વારા પીસી-પીએનડીટી એકટના અમલીકરણ તથા કલીનીક કક્ષાએ નિભાવવાના રેકર્ડ રજીસ્ટર, ફોર્મ-એફ, માસિક રિપોર્ટ, નવા-રિન્યુઅલ રજીસ્ટ્રેશન અને અન્ય કાયદાકીય ઘનિષ્ટ સમજ આપવામાં આવી હતી.

તંત્રી લેખ

# ઉર્જા પરિવહન માટે નેશનલ કોરિડોર

પાવર હાઉસમાં વીજળી ઉત્પન્ન થાય છે. આ વીજળીને લોકોના ઘર સુધી પહોંચાડવા માટે ઓવર હેડ વાયરીંગની જરૂર પડે છે. જે થાંભલાઓ અથવા કેબલ દ્વારા લોકોના ઘર અથવા કારખાના સુધી લંબાયેલા હોય છે જેને ટ્રાન્સમિશન લાઈન કહેવામાં આવે છે જેના દ્વારા વીજળીનો પ્રવાહ વહે છે. આપણે વીજળી મોટા પ્રમાણમાં ઉત્પન્ન કરીએ પરંતુ જો તેને દૂર લઈ જવા માટે આવી ટ્રાન્સમિશન લાઈન ન હોય તો તેનો કોઈ અર્થ રહેતો નથી કારણ કે મોટા જથ્થામાં ઉત્પન્ન થયેલી વીજળીનો સંગ્રહ કરવા માટે ખૂબ મોટું મૂડી રોકાણ કરવું પડે આથી જેવી વીજળી ઉત્પન્ન થાય એટલે તરત જ તેનું પરિવહન કરી લોકોના ઘર અથવા કારખાના સુધી પહોંચાડી દેવી પડે. આ ટ્રાન્સમિશન લાઈન અત્યંત જરૂરી છે. સમગ્ર ગુજરાતમાં આવી ટ્રાન્સમિશન લાઈનના ટાવર આપ જોઈ શકશો. આવી જ રીતે સમગ્ર રાષ્ટ્રમાં ટ્રાન્સમિશન લાઈનનું એક નેટવર્ક છે જેને નેશનલ ગ્રીડ કહેવામાં આવે છે. ગુજરાતમાં પણ ગુજરાત ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોરિડોર છે. ગુજરાત ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોરિડોર ગુજરાત રાજ્યમાં વીજળીના પ્રસારણ માટે એક મહત્વપૂર્ણ માળખું છે. આ કોરિડોર સમગ્ર રાજ્યમાં વીજળીને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવામાં મદદ કરે છે. ગુજરાત ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોરિડોરનો મુખ્ય હેતુ રાજ્યમાં ઉત્પન્ન થતી વીજળીને ગ્રાહકો સુધી પહોંચાડવાનો છે. આમાં પરંપરાગત સ્ત્રોતોની સાથે સાથે પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો (જેમ કે સૌર અને પવન ઉર્જા)નો પણ સમાવેશ થાય છે. આ કોરિડોરમાં ઉચ્ચ ક્ષમતાવાળી ટ્રાન્સમિશન લાઈનો, સબસ્ટેશનો અને અન્ય સંબંધિત ઉપકરણોનો સમાવેશ થાય છે. ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO) આ માળખાના વિકાસ, સંચાલન અને જાળવણી માટે મુખ્ય જવાબદાર છે. ગુજરાત ગ્રીન એનર્જી કોરિડોર પહેલનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેનો ઉદ્દેશ પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોમાંથી ઉત્પન્ન થતી વીજળીના પ્રસારણને સરળ બનાવવાનો છે. કચ્છમાં વિશ્વનો સૌથી મોટો ૩૦,૦૦૦ મેગાવોટનો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક બની રહ્યો છે, અને આ કોરિડોર તેની વીજળીને રાષ્ટ્રીય ગ્રીડ સુધી પહોંચાડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. તાજેતરમાં, સ્ટારલાઈટ પાવર દ્વારા લાકડિયા-વડોદરા ટ્રાન્સમિશન પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે, જે ગુજરાતના સાત જિલ્લાઓમાં ૮૧૨ ટાવર ધરાવે છે અને ૫૦૦૦ મેગાવોટથી વધુ ગ્રીન પાવરનું વહન કરી શકે છે. આ ઉપરાંત, અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડે પણ ગ્રીન હાઈડ્રોજન અને એમોનિયા ઉત્પાદન માટે ગુજરાતમાં એક મોટો ટ્રાન્સમિશન પ્રોજેક્ટ શરૂ કર્યો છે. ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO) ૧૯૯૯ થી રાજ્યમાં વીજળી પ્રસારણ માટે કાર્યરત છે અને તેણે રાજ્યના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. GETCO આગામી વર્ષોમાં ટ્રાન્સમિશન નેટવર્કના અપગ્રેડેશન અને વિસ્તરણ માટે રૂ. ૧ લાખ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. ગુજરાતનો ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોરિડોર રાજ્યની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા અને પુનઃપ્રાપ્ય ઉર્જાના એકીકરણને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ગુજરાત સરકાર રિન્યુએબલ એનર્જી ઈકોસિસ્ટમ સ્થાપવાનું આયોજન ધરાવે છે જેમાં બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ પણ હશે. રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સમાંથી જે વીજળી ઉત્પાદિત થશે તેનો આંશિક હિસ્સો રાજ્યની ૧.૬૦૦ કિલોમીટરની કોસ્ટલાઈનમાં સપ્લાય કરવામાં આવશે. આ કોસ્ટલાઈનમાં સપ્લાય કરેલી વીજળીનો ઉપયોગ ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવા માટે કરાશે. ત્યારે પછી આ ગ્રીન હાઈડ્રોજનને રાજ્યના ૪૨ બંદરો પરથી આ હાઈડ્રોજનનો ઉપયોગ કરતા દેશના અને વિદેશના સ્થળો પર વીજળીમાંથી ઉત્પાદિત હાઈડ્રોજનને સપ્લાય કરવામાં આવશે. ગુજરાતમાં જે ૨૩ ગીગાવોટથી વધારે ક્ષમતાના જે મેગા પ્રોજેક્ટ્સ આવી રહ્યા છે તેને નેશનલ ગ્રીડ સાથે કનેક્ટ કરવા માટે રાજ્ય સરકાર એક ગ્રીન એનર્જી ટ્રાન્સમિશન કોરિડોરનું નિર્માણ કરવા આયોજન કરી રહી છે.

# શનિનું ધાર્મિક અને વૈજ્ઞાનિક મહત્વ

**શનિનું રાશિ પરિવર્તન થઈ રહ્યું છે ત્યારે શનિદેવ વિષે એટલું કહી શકાય કે તેઓ ક્રૂર હોવા છતાં નીતિમાન લોકો માટે દયાના સાગર પણ છે અને ન્યાયના દેવતા છે. શનિદેવ ભૌતિક સ્વરૂપે સૂર્યમાળાના ગ્રહ રૂપે છે. તેના વિશે જે વૈજ્ઞાનિક સંશોધનો થઈ રહ્યા છે તે રસપ્રદ છે.**

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

શનિદેવ હિન્દુ ધર્મના મહત્વપૂર્ણ દેવતાઓમાંના એક છે. તેઓ ન્યાય અને કર્મના દેવતા તરીકે પૂજાય છે. શનિદેવને સૂર્યદેવ અને છાયાના પુત્ર માનવામાં આવે છે. તેમનું વાહન કાગડો છે અને તેઓ કાળા રંગના વસ્ત્રો ધારણ કરે છે. તેમના હાથમાં તલવાર, ત્રિશૂળ, ધનુષ્ય અને બાણ જેવા શસ્ત્રો હોય છે. શનિદેવનું નામ સાંભળતા જ ઘણા લોકોના મનમાં ડર પેદા થાય છે, કારણ કે તેઓને કઠોર શિક્ષક માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે શનિદેવ વ્યક્તિના કર્મો અનુસાર તેને ફળ આપે છે. જે લોકો સારા કર્મો કરે છે તેમને શનિદેવ શુભ ફળ આપે છે, જ્યારે ખરાબ કર્મો કરનારાઓને તેઓ કઠોર સજા આપે છે. શનિદેવની દૃષ્ટિને અશુભ માનવામાં આવે છે અને એવું કહેવાય છે કે જેના પર શનિની વક્ર દૃષ્ટિ પડે છે તેના જીવનમાં મુશ્કેલીઓ આવે છે. શનિદેવની સાડાસાતી અને ઢૈયા ખૂબ જ પ્રચલિત છે. સાડાસાતીનો સાત વર્ષ અને છ મહિનાનો સમયગાળો હોય છે, જે દરમિયાન શનિદેવ ચંદ્ર રાશિથી આગળ અને પાછળની રાશિમાં ભ્રમણ કરે છે. આ સમયગાળાને વ્યક્તિના જીવનમાં ખૂબ જ પડકારજનક માનવામાં આવે છે. તેવી જ રીતે, ઢૈયા અઢી વર્ષનો સમયગાળો હોય છે, જે પણ મુશ્કેલીઓ લઈને આવે છે. જો કે, શનિદેવ માત્ર સજા આપનારા દેવતા નથી. તેઓ ન્યાયના પ્રતીક છે અને વ્યક્તિને તેના કર્મોની જવાબદારી સમજાવે છે. શનિદેવ વ્યક્તિને શિસ્ત, સંયમ અને પરિશ્રમનું મહત્વ શીખવે છે. તેમની કૃપાથી વ્યક્તિ જીવનમાં સફળતા અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. શનિદેવની પૂજા કરવાથી તેમની કૃપા પ્રાપ્ત થાય છે અને જીવનની મુશ્કેલીઓ દૂર થાય છે. શનિવારે તેમનું વિશેષ પૂજન કરવામાં આવે છે. આ દિવસે શનિ મંદિરમાં તેલ ચઢાવવામાં આવે છે, કાળા તલ અને અડદની દાળનું દાન કરવામાં આવે છે. શનિ ચાલીસા અને શનિ મંત્રનો જાપ કરવાથી પણ લાભ થાય છે. ભગવાન શનિદેવ આપણને આપણા કર્મો પ્રત્યે સજાગ રહેવાની અને હંમેશા સત્ય અને ન્યાયના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે. તેમની ઉપાસના કરીને આપણે જીવનમાં શાંતિ, સમૃદ્ધિ અને સફળતા પ્રાપ્ત કરી શકીએ છીએ. શનિનું રાશિ પરિવર્તન થઈ રહ્યું છે તે અંગેની સંક્ષિપ્ત વિગત જાણવા જેવી છે. શનિનું રાશિ પરિવર્તન જ્યોતિષમાં એક મહત્વપૂર્ણ ઘટના માનવામાં આવે છે, કારણ કે શનિ દરેક રાશિમાં લગભગ અઢી વર્ષ સુધી રહે છે. જ્યારે શનિ એક રાશિમાંથી બીજી રાશિમાં જાય છે, ત્યારે તે તમામ ૧૨ રાશિઓ પર જુદી જુદી અસર કરે છે. હાલમાં, શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરી રહ્યા છે. તેમનો કુંભ રાશિમાં પ્રવેશ ૨૯ એપ્રિલ ૨૦૨૨ ના રોજ થયો હતો. શનિદેવ ૨૯ માર્ચ ૨૦૨૫ ના રોજ રાત્રે ૧૦:૦૭ કલાકે કુંભ રાશિમાંથી નીકળીને મીન રાશિમાં પ્રવેશ કર્યો છે. મીન રાશિ ગુરુની માલિકીની રાશિ છે. શનિના આ રાશિ પરિવર્તનની વિવિધ રાશિઓ પર શું અસર થશે? શનિના રાશિ પરિવર્તનની દરેક રાશિ પર અલગ-અલગ અસર થશે. કેટલાક મુખ્ય ફેરફારો નીચે મુજબ હોઈ શકે છેઃ મકર રાશિઃ મકર રાશિના લોકો માટે સાડાસાતીનો અંત આવશે, જેના કારણે તેઓ રાહત અનુભવશે. મેષ રાશિઃ મેષ રાશિ પર શનિની સાડાસાતી શરૂ થશે. મીન રાશિઃ મીન રાશિ પર સાડાસાતીનું બીજું ચરણ શરૂ થશે. કુંભ રાશિઃ કુંભ રાશિ પર સાડાસાતીનું અંતિમ એટલે કે ત્રીજું ચરણ શરૂ થશે. આ ઉપરાંત, અન્ય રાશિઓ પર પણ શનિના ગોચરની નાની-મોટી અસરો જોવા મળશે. કેટલાક માટે તે શુભ હોઈ શકે છે તો કેટલાક માટે સંઘર્ષ વધારી શકે છે. શનિનું રાશિ પરિવર્તન વ્યક્તિના જીવનમાં ઘણા મહત્વપૂર્ણ બદલાવ લાવી શકે છે. આ પરિવર્તનની અસર વ્યક્તિની કુંડળીમાં શનિની સ્થિતિ અને અન્ય ગ્રહોની સ્થિતિ પર પણ આધાર રાખે છે. હવે આપણે શનિ ગ્રહ વિશે વૈજ્ઞાનિક સંશોધનો વિશે જાણીએ. શનિ સૌરમંડળનો છઠ્ઠો ગ્રહ છે અને કદમાં ગુરુ પછીનો બીજો સૌથી મોટો ગ્રહ છે. તે એક ગેસ જાયન્ટ છે, એટલે કે તે મોટાભાગે હાઈડ્રોજન અને હિલિયમ જેવા વાયુઓથી બનેલો છે. શનિ તેની આસપાસ દેખાતા સુંદર વલયો માટે વિશ્વભરમાં જાણીતો છે.



શનિની ભૌતિક લાક્ષણિકતાઓઃ કદ અને દળઃ શનિનો વ્યાસ પૃથ્વીના વ્યાસ કરતાં લગભગ ૯.૫ ગણો મોટો છે અને તેનું દળ પૃથ્વીના દળ કરતાં ૯૫ ગણું વધારે છે. વાતાવરણઃ શનિનું વાતાવરણ મુખ્યત્વે હાઈડ્રોજન અને હિલિયમથી બનેલું છે, જેમાં એમોનિયા, મિથેન અને પાણીના બરફના નિશાન પણ જોવા મળે છે. તેના વાતાવરણમાં ખૂબ જ ઝડપી પવનો ફૂંકાય છે, જેની ગતિ ક્યારેક ૧૮૦૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. ચુંબકીય ક્ષેત્રઃ શનિનું ચુંબકીય ક્ષેત્ર પૃથ્વી કરતાં ઘણું શક્તિશાળી છે. વલયોઃ શનિની સૌથી વિશિષ્ટ લાક્ષણિકતા તેની આસપાસના વલયો છે. આ વલયો બરફના નાના કણો, ખડકો અને ધૂળથી બનેલા છે. આ વલયો ખૂબ જ પાતળા હોય છે, પરંતુ તેમનો વ્યાસ હજારો કિલોમીટર સુધી ફેલાયેલો હોય છે. વૈજ્ઞાનિકો માને છે કે આ વલયો કોઈ ચંદ્રના તૂટવાથી અથવા ગ્રહની રચના સમયે બચેલા અવશેષોથી બન્યા હોઈ શકે છે. ચંદ્રઃ શનિને ઘણા બધા કુદરતી ઉપગ્રહો એટલે કે ચંદ્ર છે. અત્યાર સુધીમાં ૧૪૦ થી વધુ ચંદ્રની શોધ થઈ ચૂકી છે, જેમાં ટાઈટન સૌથી મોટો છે. ટાઈટન એકમાત્ર એવો ચંદ્ર છે જેનું ગાઢ વાતાવરણ છે અને તેની સપાટી પર પ્રવાહી સ્વરૂપમાં મિથેન અને ઈથેનના તળાવો અને નદીઓ જોવા મળે છે. એન્સેલેડસ નામનો બીજો ચંદ્ર પણ રસપ્રદ છે, કારણ કે તેના દક્ષિણ ધ્રુવ પરથી બરફના ગીઝર ફૂટે છે, જે સૂચવે છે કે તેની સપાટી નીચે પ્રવાહી પાણીનો સમુદ્ર હોઈ શકે છે. ભ્રમણ અને પરિભ્રમણઃ સૂર્યની આસપાસ ભ્રમણઃ શનિને સૂર્યની આસપાસ એક ચક્કર પૂરું કરવામાં લગભગ ૨૯.૫ પૃથ્વી વર્ષ લાગે છે.

પોતાની ધરી પર પરિભ્રમણઃ શનિ પોતાની ધરી પર ખૂબ જ ઝડપથી ફરે છે, તેને એક પરિભ્રમણ પૂરું કરવામાં લગભગ ૧૦.૭ કલાક લાગે છે. આ ઝડપી પરિભ્રમણના કારણે તે ધ્રુવો પરથી થોડો ચપટો દેખાય છે. અભ્યાસ અને સંશોધનઃ વૈજ્ઞાનિકોએ શનિ અને તેના વલયો તેમજ ચંદ્રનો અભ્યાસ કરવા માટે ઘણા અવકાશયાન મોકલ્યા છે. પાયોનિયર ૧૧, વોયેજર ૧ અને ૨ જેવા મિશનોએ શનિ વિશે ઘણી મહત્વપૂર્ણ માહિતી આપી છે. કેસિની-હ્યુજેન્સ મિશન શનિનો સૌથી વ્યાપક અભ્યાસ કરનાર મિશન હતું, જેણે ૨૦૦૪ થી ૨૦૧૭ સુધી શનિની આસપાસ ભ્રમણ કર્યું અને તેના વલયો અને ચંદ્ર વિશે ઘણી નવી શોધો કરી. શનિ વિશે ટૂંકમાં એટલું કહી શકાય કે જ્યોતિષમાં શનિને એક મહત્વપૂર્ણ ગ્રહ માનવામાં આવે છે. તેને ન્યાય, કર્મ અને શિસ્તનો દેવતા માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે શનિ વ્યક્તિના કર્મો અનુસાર તેને ફળ આપે છે અને જીવનમાં આવતી મુશ્કેલીઓ અને પડકારો શનિની સ્થિતિ પર આધાર રાખે છે. શનિ ગ્રહ ખગોળશાસ્ત્ર અને જ્યોતિષ બંનેમાં એક રસપ્રદ અને મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેના સુંદર વલયો અને રહસ્યમય ચંદ્ર વૈજ્ઞાનિકોને સતત આકર્ષિત કરે છે, જ્યારે જ્યોતિષમાં તેનું સ્થાન વ્યક્તિના જીવન પર ઊંડી અસર કરે છે.

## શબ્દ સંજોગ-૧૯૭૫



**આડી ચાવી :**
(૧) શિયાળામાં ગળે નાખવાનો પટ્ટો (૪)
(૪) મીણબત્તી રાખવાની ઘોડી (૪)
(૭) ગુજરાતનો એક નૃત્ય પ્રકાર (૩)
(૯) એક પ્રકારની ઘોડાગાડી (૨)
(૧૦) દીકરી કે દીકરો, સંતતિ (૩)
(૧૨) સ્વચ્છંદી, તરંગી (૩)
(૧૪) વરની માના હાથમાં રહેલો દીવો, ...દીવો (૩)
(૧૫) કાગડો (૨)
(૧૭) રહેવાની રીત (૩)
(૧૯) દાદાના પિતા (૪)
(૨૧) વરરાજાના હાથમાં રહેલો ફૂલોનો ગુચ્છ (૩)
(૨૩) પતિ, માલિક (૨)
(૨૪) માતાની દેરાણી (૨)
(૨૫) નજર, અનિમેષ દૃષ્ટિ (૨)
(૨૬) ઝાકળ, ઠેકાણું (૨)
(૨૮) લાકડામાંનો ભમરાવાળો ગંઠાઈ ગયેલો ભાગ (૨)
(૩૦) લોકોમાં ચાલતી વાત (૪)
(૩૧) સાથી, બરોબરિયો (૪)

**ઉભી ચાવી :**
(૨) અભડાયેલી સ્ત્રી (૩)
(૩) નસ, શિરા (૨)
(૪) મુસલમાની વર્ષનો આઠમો મહિનો (૩)
(૫) મા-બાપે યુવાન સંતાનો પર જરૂરી... રાખવો જ જોઈએ (૨)
(૬) રત્ન (૩)
(૮) કાંત, પતિ (૩)
(૧૦) ....છે ચાલ્યા કરે ! (૩)
(૧૧) નખ કાપવાનું ઓજાર (૩)
(૧૩) સ્વીકારવું તે (૩)
(૧૬) ગદા ધારણ કરનાર ભીમ (૪)
(૧૮) ભારે શ્વાસનું ડચકું, વાધણી (૩)
(૧૯) પગલુ પારખી ચોરની ભાળ કાઢનાર, ચોકિયાત (૨)
(૨૦) દાણ ઉઘરાવનારો, દાણનું હકદાર (૨)
(૨૧) ઉણપ, ઓછપ (૨)
(૨૨) થોડા વાળની સેર (૨)
(૨૪) લડાયક વહાણનો સમૂહ, સમુદાય (૩)
(૨૬) શબને લઈ જવાની વાંસની એક બનાવટ (૩)
(૨૭) માંચડો, ખેતરમાં બાંધેલો માળો (૨)
(૨૮) એક છોડ જેની કળી ચલમમાં પીવાથી નશો ચડે છે (૨)
(૨૯) સ્ત્રી (૨)

## શબ્દ સંજોગ-૧૯૭૪ જવાબ

**આડી ચાવીઃ** (૧) ઈલાયચી (૪) પડઘો (૬) નવકાર (૭) રફુ (૯) જિયાવર (૧૧) સ્પર્શ (૧૨) તજ (૧૩) આહ (૧૪) આરો (૧૫) વાયુ (૧૬) રાશિ (૧૮) ધન (૨૦) કમ (૨૨) લાયલેયા (૨૫) લટ (૨૭) ઉપમા (૨૯) કોયલ (૩૧) મનવા (૩૨) ત્રપા (૩૩) મર (૨મ).

**ઉભી ચાવીઃ** (૧) ઈન્દ્રજિત (૨) યનવ(યવન) (૩) ચીવર (૪) પરસ્પર (૫) ઘોર (૮) ફુવારો (૧૦) યાજન (૧૩) આયુધ (૧૪) આશિક (૧૭) મુલાયમ (૧૯) નલ (૨૧) મફલર (૨૩) લેઉવા (૨૪) પાપ (૨૬) ટકો (૨૮) માત્ર (૩૦) યમ.

# આવતીકાલથી નવુ બજેટ અમલમાં આવશે, આવકવેરા મુક્તિ અથવા સબસિડી જેવા લાભ થશે

મુંબઈ,તા.૩૧

નવું બજેટ આવતીકાલ ૧ એપ્રિલ, ૨૦૨૫થી અમલમાં આવશે. એટલે કે, ૧ ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરતી વખતે સરકારે કરેલી જાહેરાતો પર કામ શરૂ થશે. જોકે, યોજનાઓના લાભ ક્યારે મળશે તે યોજનાના પ્રકાર અને અમલીકરણની પ્રક્રિયા પર નિર્ભર રહેશે. આવકવેરા મુક્તિ અથવા સબસિડી જેવા લાભ ૧ એપ્રિલ, ૨૦૨૫થી લાગુ થશે, કારણ કે તે નાણાકીય વર્ષ સાથે જોડાયેલા છે. તે જ સમયે, માળખાગત સુવિધાઓ અને વિકાસ પ્રોજેક્ટ્સ, સમાજ કલ્યાણ યોજનાઓના લાભો મેળવવામાં સમય લાગે છે, કારણ કે તેના પર કામ કરવાની પ્રક્રિયા લાંબી હોય છે. ન્યૂ ટેક્સ રિજીમ હેઠળ હવે ૧૨ લાખ રૂપિયા સુધી કમાણી પર કોઈ ટેક્સ લાગશે નહીં. નોકરિયાત લોકો માટે ૭૫ હજારના સ્ટાન્ડર્ડ ડિડક્શન સાથે આ છૂટ ૧૨.૭૫ લાખ રૂપિયા થઈ જશે. ન્યૂ ટેક્સ રિજીમમાં ૨૦ થી ૨૪ લાખની આવક માટે ૨૫% ટેક્સનો નવો સ્લેબ પણ સામેલ કરવામાં આવ્યો છે.

# આઈ.ટી.વિભાગે યસ બેન્કને રૂ.૨૨૦૯ કરોડની ડિમાન્ડ નોટિસ પાઠવી

મુંબઈ,તા.૩૧




ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે યસ બેન્કને રૂ. ૨૨૦૯ કરોડની ડિમાન્ડ નોટિસ પાઠવી છે. આ નોટિસ અસેસમેન્ટ યર ૨૦૧૯-૨૦ માટે આપવામાં આવી હોવાનું બેન્કે ગઈકાલે શનિવારે સ્ટોક એક્સચેન્જીસ પર જણાવ્યું હતું. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે એપ્રિલ-૨૦૨૩માં ૨૦૧૯-૨૦ના અસેસમેન્ટ યરને ટાંકી ડિમાન્ડ નોટિસ પાઠવી છે. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટની નેશનલ ફેસલેસ અસેસમેન્ટ યુનિટે ૨૮ માર્ચના રોજ ફરીથી અસેસમેન્ટ ઓર્ડર રજૂ કર્યો હતો. જેમાં કોઈ વધારાની રકમ કે ટીકા ઉમેરવામાં આવી નથી. જે આધાર પર ફરી તપાસ શરૂ થઈ હતી, તેને પાછી ખેંચી લેતાં યથાવત રકમની ડિમાન્ડ નોટિસ પાઠવવા નિર્ણય લીધો હતો. અર્થાત પહેલાં કલમ ૧૪૪ હેઠળ મંજૂર કરવામાં આવેલા ઓર્ડરમાં બેન્ક દ્વારા દર્શાવવામાં આવેલી આવકનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેથી બેન્ક પર કોઈ વધારાની ટેક્સ ડિમાન્ડ લાગુ થતી નથી. યસ બેન્કે જણાવ્યું કે, ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટની કલમ ૧૫૬ હેઠળ ટેક્સ ડિમાન્ડ નોટિસ અને કેલ્ક્યુલેશન શીટ જાહેર કરવામાં આવી છે. જેમાં કુલ રૂ. ૨૨૦૯.૧૭ કરોડની માગ કરવામાં આવી છે. તેમાં રૂ. ૨૪૩.૦૨ કરોડ વ્યાજ પણ સામેલ છે. આ માગ 'પ્રથમ દ્રષ્ટીએ કોઈપણ ઠોસ પુરાવા વિના' થઈ છે. બેન્ક આ મામલે પોતાના પક્ષમાં મજબૂત આધાર રજૂ કરશે. આ આદેશથી તેની નાણાકીય, ઓપરેટિંગ અને અન્ય ગતિવિધિઓ પર કોઈ નકારાત્મક અસર થશે નહીં. ફરીથી મૂલ્યાંકનના આદેશ વિરૂદ્ધ કાયદા હેઠળ અપીલ અને સુધાર પ્રક્રિયા શરૂ કરશે. શુક્રવારે યસ બેન્કનો શેર ૨.૩૮ ટકા ઘટાડા સાથે રૂ. ૧૬.૮૮ પર બંધ રહ્યો હતો. છેલ્લા ૧૨ માસમાં યસ બેન્કનો શેર ૨૭.૨૪ ટકા તૂટ્યો છે. જ્યારે ચાલુ કેલેન્ડર વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં આશરે ૧૩.૮૩ ટકાનો કડાકો નોંધાયો છે.

# દેશમાં વેચાતા ટુ-વ્હીલર સાથે હવે કંપનીએ બે હેલ્મેટ આપવા પડશે

**ભારતમાં દર વર્ષે ૧.૮૮ લાખ લોકો અકસ્માતમાં મોતને ભેટે છે**

મુંબઈ,તા.૩૧

દેશમાં વેચાતા દરેક ટુ-વ્હીલર સાથે હવે કંપનીઓએ ISI-પ્રમાણિત ૨ હેલ્મેટ આપવાના રહેશે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ નવી દિલ્હીમાં આયોજિત એક ઓટો સમિટમાં આ અંગે જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, લોકોની સુરક્ષા માટે આ જરૂરી છે. ટુ-વ્હીલર હેલ્મેટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (THMA) દ્વારા આને સમર્થન આપવામાં આવ્યું છે. THMA ઘણા સમયથી આ



માંગણી કરી રહ્યું છે. ભારતમાં દર વર્ષે ૪,૮૦,૦૦૦થી વધુ માર્ગ અકસ્માતો થાય છે અને તેમાં લગભગ ૧,૮૮,૦૦૦થી વધુ લોકોના મોત થાય છે. આમાંથી, ૬૬% મૃતકો ૧૮ થી ૪૫ વર્ષની વયના હોય છે. ખાસ કરીને, ટુ-વ્હીલર અકસ્માતોમાં દર વર્ષે ૬૯,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામે છે, જેમાંથી ૫૦% મોત હેલ્મેટ ન પહેરવાને કારણે થાય છે.


★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી


Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed a t Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીને ખેત તલાવડી યોજનામાં સામેલ કરો : ધારાસભ્ય મહેશ કસવાલા

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિધાનસભા ગૃહમાં અમરેલી જિલ્લાના ખેડૂતો માટે મહત્વની રજૂઆત કરી હતી. તેમણે સરકારની ખેત તલાવડી યોજનામાં અમરેલી જિલ્લાનો સમાવેશ કરવાની માંગણી કરી હતી. ખેડૂતો દ્વારા ખેત તલાવડી બનાવવામાં આવે અને સરકાર દ્વારા ખેડૂતોને જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવામાં આવે છે. ખેત તલાવડીથી ચોમાસાના વરસાદના પાણીનો સંગ્રહ કરી વરસાદ ન પડે ત્યારે પાક બચાવવામાં તેમજ રવી પાકોમાં સિંચાઈ કરી શકાય છે. સૌથી વધારે પાણીની તંગીવાળા બનાસકાંઠા જિલ્લામાં આ યોજના થકી ખૂબ સારા પરિણામ ખેડૂતોને મળ્યા છે. અમરેલી જિલ્લામાં ખાસ કરીને સાવરકુંડલા-લીલીયા



વિસ્તારમાં ખારાપાટ, ડુંગરાળ, પહાડી વિસ્તાર આવેલ હોય પાણીની તંગી રહેવાના કારણે ખેડૂતો પોતાના પાકને સિંચાઈ કરી શકતા નથી. તેમજ અમરેલી જિલ્લાના અન્ય તાલુકામાં પણ પાણીની તંગી રહે છે. તેથી સરકારશ્રીની ખેત તલાવડી યોજનામાં અમરેલી જિલ્લાનો સમાવેશ કરવામાં આવે તો ખેડૂતો આ યોજનાનો મોટા પ્રમાણમાં લાભ મેળવી શકે તેમ છે. ખેડૂતોના હિતમાં આ યોજનામાં અમરેલી જિલ્લાનો સમાવેશ કરવા વિધાનસભા ગૃહમાં ધારદાર રજૂઆત કરવામાં આવી હતી.

# નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના હસ્તે અમરેલી તાલુકામાં વિકાસના કાર્યો હાથ ધરાયા

અમરેલી,તા.૩૧

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકના હસ્તે અમરેલી તથા કુંકાવાવ તાલુકાના વિવિધ ગામડાઓમાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અમરેલી તાલુકાના મોટા માંડવડા ગામે ૫૫ લાખના ખર્ચે સીસી રોડના કામનું ખાતમુહૂર્ત તેમજ અમરેલીના ચાંદગઢ ખાતે ગ્રામપંચાયત દ્વારા નવ-નિર્મિત બસ સ્ટેન્ડનું લોકાર્પણ



કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમરેલી વિધાનસભાના કુંકાવાવ તાલુકાના સારંગપુર ગામ ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાની હાજરીમાં ગીરગંગા ટ્રસ્ટ તથા ગ્રામપંચાયતના સહયોગથી તળાવ ઊંડા કરવાના કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના લીધે ગામની આસપાસના વિસ્તારમાં પાણીના સંગ્રહમાં વધારો થશે તેમજ ગામને સિંચાઈના લાભો પણ મળશે. આ સાથે જ ઉનાળાની ગરમીને ધ્યાનમાં લઈ વિસ્તારને પાણી પ્રત્યે આત્મનિર્ભર બનાવવા માટે કુંકાવાવના બાંભણિયા ગામે સૌની યોજના હેઠળ વાલ્વ ખોલીને નવા નીરના વધામણા કરવામાં આવ્યા જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના લેટર કાંડ મામલે પ્રધાનમંત્રી મોદીને પત્ર પાઠવતા કાંતિભાઈ સતાસીયા

અમરેલી,તા.૩૧

અમરેલીના લેટર કાંડ બાબતે આટલા દિવસમાં કોઈ સ્પષ્ટતા ન થતા તેમજ વિધાનસભામાં ગૃહમંત્રી દ્વારા શંકાસ્પદ લોકોને છાવરવામાં આવતા તટસ્થ તપાસની માંગ સાથે બગસરા યાર્ડના ચેરમેન દ્વારા વડાપ્રધાનને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. બગસરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ સતાસીયા દ્વારા વડાપ્રધાનને પત્ર પાઠવી તટસ્થ તપાસ માટે માંગ કરેલ છે. પત્રમાં તેમના દ્વારા જણાવવામાં આવેલ છે કે અમરેલીના એસ.પી દ્વારા સીટની રચનાનો રિપોર્ટ આવેલ નથી, લેટરના એફએસએલ રિપોર્ટ જાહેર થયેલ નથી, આનંદ યાજ્ઞિક વકીલ દ્વારા હાઈકોર્ટમાં ન્યાય માટે કેસ પેન્ડિંગ છે. આવી અનેક બાબતો ન્યાયાધીન હોય ત્યારે ધારાસભ્યોએ ગૃહમાં કોઈ નિવેદન આપતા પહેલા વિચારવું જોઈએ. વધુમાં આ તમામ પ્રશ્નમાં પોલીસની ભૂમિકા સૌથી વધુ શંકાસ્પદ છે. આ ઘટનાની તપાસ કેન્દ્રીય એજન્સીઓને સોંપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવેલ છે.

# અમદાવાદમાં મણીનગર ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની બેઠકનું આયોજન

અમરેલી, તા.૩૧

અમદાવાદમાં મણિનગર મુકામે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની બેઠક યોજાઈ ગઈ જેમાં હિન્દુ નવું વર્ષ, પ્રતિપદા દિનની શુભેચ્છા સાથે દિપ પ્રજવલ્લન દ્વારા બેઠકની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ મહામંત્રી પરેશભાઈ પટેલે અખિલ ભારતીય અધિકારી સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂર, પ્રાંત



અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ, પ્રાંત સંગઠન મંત્રી અને પૂર્ણકાલિન કાર્યકર્તા સરદારસિંહ મચ્છાર તેમજ પલ્લવીબેન પટેલ વગેરેની પ્રેરક ઉપસ્થિતિમાં સૌનું સ્વાગત અભિવાદન કર્યું અને એમના દ્વારા ગત મિટિંગમાં થયેલ ઠરાવનું વાંચન કરી થયેલ કાર્યવાહીની ચર્ચા કરવામાં આવી અને સૌએ ૐ ધ્વનિથી બહાલી સાથે અનુમોદન આપ્યું હતું. ગુજરાત પ્રાંતના અતિરિક્ત મહામંત્રી પરેશભાઈ પટેલે વર્ષ દરમ્યાન શૈક્ષિક મહાસંઘ દ્વારા થયેલ કાર્યક્રમો તેમજ વિશ્વ મહિલા દિનની ઉજવણી વગેરે કાર્યક્રમોની વિગતે રજૂઆત કરી હતી.

# મહેસાણાના ઉચરપી પાસે ટ્રેઈની વિમાન ક્રેશ : મહિલા પાઈલટ ઘાયલ

મહેસાણા, તા.૩૧

મહેસાણા જિલ્લાના ઉચરપી ગામ નજીક આજે એક ટ્રેનિંગ વિમાન અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. બ્લૂ રે નામની પ્રાઈવેટ એવિએશન કંપનીનું ટ્રેનિંગ વિમાન ખેતરમાં ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં વિમાનમાં સવાર મહિલા ટ્રેઈની પાઈલટ ઘાયલ થઈ હતી. બ્લૂ રે એવિએશન કંપની દ્વારા પાઈલટ માટે ટ્રેનિંગ આપવામાં આવી રહી હતી. ટ્રેનિંગ દરમિયાન વિમાન અચાનક



ખેતરમાં ક્રેશ થયું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. ઘાયલ મહિલા પાઈલટને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

# ગીર સોમનાથમાં ટીબી નિદાન મશીનનું બે વખત લોકાર્પણ વિવાદનું કારણ બન્યું

ગીર સોમનાથ, તા.૩૧

ગીર સોમનાથ જિલ્લામાં ટીબી નિદાન મશીન લોકાર્પણનો કાર્યક્રમ વિવાદનું કારણ બન્યો છે. કોડીનાર અને સુત્રાપાડા તાલુકામાં રૂપિયા ૫૧.૭૫ લાખના બે ટ્રુનાટ મશીન કીટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે, કોડીનારમાં એક જ મશીનનું બે વાર લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેના કારણે સ્થાનિક નેતાઓ અને જિલ્લા વહીવટી તંત્ર વચ્ચે વિવાદ થયો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોડીનાર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ટ્રુનાટ મશીનનું



લોકાર્પણ કરવામાં આવે તે પહેલાં જ કોડીનાર તાલુકા પંચાયત પ્રમુખ અને સ્થાનિક ભાજપના નેતાઓએ લોકાર્પણ કરી દીધું હતું. ત્યારબાદ જિલ્લા કલેક્ટર દ્વારા સુત્રાપાડામાં મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આમ, એક જ મશીનનું બે વાર લોકાર્પણ થતાં ગીર સોમનાથ જિલ્લામાં ટીબી મશીન લોકાર્પણ કાર્યક્રમ ચર્ચાનો વિષય બન્યો છે. કોડીનારના ભાજપના સ્થાનિક નેતાઓનો આક્ષેપ છે કે, તેમને વિકાસ અને પ્રજાલક્ષી કાર્યોના લોકાર્પણમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આમંત્રણ આપવામાં આવતું નથી અને માત્ર કલેક્ટર દ્વારા જ ઉદ્‌ઘાટનો અને ખાતમુહૂર્ત કરવામાં આવી રહ્યા છે.

# ધોરાજીમાં ઈદ-ઉલ-ફિત્રની શાનદાર ઉજવણી, વિશ્વ શાંતિ માટે દુઆ

ધોરાજી,તા.૩૧

ધોરાજીમાં રમઝાનના ૨૯ રોજા પૂર્ણ થતાની સાથે જ ચંદ્ર દર્શન થતાં ૩૧ માર્ચના રોજ ઈદ-ઉલ-ફિત્ર મુસ્લિમ સમાજ દ્વારા મનાવવામાં આવી હતી. ધોરાજીની ૪૫ જેટલી મસ્જિદો સહિત ધોરાજીના રસુલપુરા ખાતે આવેલ ઈદગાહ ખાતે હાફિઝ અવેશ સાહેબ યારે અલ્વીએ ઈદની વિશેષ નમાજ અદા કરાવી હતી. મુસ્લિમ સમાજના આગેવાન હાજી



તસવીર :નયન કુહાડીયા

ઈબ્રાહીમભાઈ કુરેશીએ જણાવેલ કે ધોરાજીમાં હિન્દુ-મુસ્લિમોના તહેવાર કોમી એકતા અને ભાઈચારા સાથે ઉજવાય છે. ઈબ્રાહીમભાઈ કુરેશીએ હિન્દુ-મુસ્લિમોને ઈદ મુબારકનો સંદેશ પાઠવ્યો હતો. ધોરાજી ખાતે આવેલ ઈદગાહ ખાતે ઈદની નમાજ અદા કર્યા બાદ હાફિઝ અવેશ સાહેબે વિશ્વ શાંતિ માટે દુઆ કરી હતી. મુસ્લિમ સમાજના ધર્મગુરુ સૈયદ હાજી કયુમ બાવા શીરાજી, સૈયદ હાજી ઈકબાલ બાપુ કાદરી, હાજી ઈબ્રાહીમભાઈ કુરેશી, મુસ્લિમ જમાતના યાસીનભાઈ નાલબંધ, પૂર્વ નગરપતિ કાસમભાઈ કુરેશી, મકબુલભાઈ ગરાણા અને મુસ્લિમ સમાજના આગેવાન સહિતનાએ લોકોને ગળે મળી ઈદની મુબારકબાદ પાઠવી હતી.

# કોડીનાર લાડી લોહાણા સમાજ દ્વારા ચેટીચાંદની ઉજવણી

કોડીનાર, તા. ૩૧

કોડીનાર લાડી લોહાણા સમાજ દ્વારા ચેટીચાંદની ઉજવણી કરવામાં આવી હતી. ઝૂલેલાલ મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સાંજે એક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં એકતા અને અખંડિતતાનું ઉદાહરણ



જોવા મળ્યું હતું. લાડી લોહાણા સિંધી પંચાયત અને સર્વે યુવા અને મહિલા મંડળ દ્વારા કાર્યક્રમની ઉજવણીમાં મહત્વનો રોલ નિભાવ્યો હતો.

# કોડીનારના સમર્થકુમારે નવોદય પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શાળા અને ગામનું ગૌરવ વધાર્યું

**કડવાસણ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીએ જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષામાં મેળવી સફળતા**

કોડીનાર,તા.૩૧

કોડીનાર તાલુકાના કડવાસણ ગામના નાનજીભાઈ વાઢેળના પુત્ર સમર્થકુમારે શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે. કડવાસણ પ્રાથમિક શાળાના ધોરણ પાંચમાં અભ્યાસ કરતા સમર્થકુમારે ૧૮ જાન્યુઆરી,



૨૦૨૫ના રોજ જવાહર નવોદય વિદ્યાલય દ્વારા લેવાયેલી પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવીને સફળતા પ્રાપ્ત કરી છે.

# જસદણમાં જામગરી બંદૂક લઈ શિકાર કરવા નીકળેલો જસમંત સદાદીયા ઝડપાયો

જસદણ,તા.૩૧

જસદણમાં જામગરી બંદૂક લઈને શિકાર કરવા નીકળેલા જસમંત સદાદીયાને રાજકોટ ગ્રામ્ય એસઓજીની ટીમે ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી બંદૂક સાથે ૪૨૦ છરા, ૨૫ ગ્રામ ગન પાઉડર અને ૧૧ ટીલડી પણ મળી આવી હતી. માહિતી મળી હતી કે જસદણના વડોદ ગામનો જસમંત આંબા



સદાદીયા (ઉં.વ. ૩૬) તેની બજાજ ડિસ્કવર મોટરસાયકલ પર દેશી બનાવટની જામગરી બંદૂક લઈને નીકળ્યો છે અને તે કાળાસરના કાચા રસ્તેથી માધવીપુર થઈને વડોદ જવાનો છે. બાતમીના આધારે એસઓજીએ શિવરાજપુર-માધવીપુર રોડ, કાળાસર જવાના કાચા રસ્તા પર આવેલી જય વિહળાનાથ હોટલની પાછળના રસ્તે વોચ ગોઠવી હતી. આરોપી જસમંત નીકળતા જ તેને અટકાવીને દબોચી લેવામાં આવ્યો હતો.

# જસદણમાં કેબિનેટ મંત્રીના અધ્યક્ષસ્થાને રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ

જસદણ , તા.૩૧

જસદણ તાલુકા સેવા સદન ખાતે પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને જસદણ, વિંછીયા અને સાણથલી સરકારી હોસ્પિટલની રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં "રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ" અંતર્ગત ટી.બી. મુક્ત પંચાયત-૨૦૨૪ એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૨૩ ગ્રામ પંચાયતોને ૧૦૦ ટકા ટી.બી.




મુક્ત ગામ બદલ સિલ્વર, બ્રોન્ઝ મેડલ અને પ્રમાણપત્ર વિતરણ કરાયા હતા. આ બેઠકમાં તાલુકા પંચાયતના પ્રમુખ હરેશભાઈ વોરા અને નીતાબેન ગઢાદરા, પ્રાંત અધિકારી આર.આર.ખાંભરા, મામલતદાર એચ.ડી.બારોટ, આઈ.જી.ઝાલા, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. સી.કે.રામ સહિત અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, તબીબો વગેરે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ગ્રામ પંચાયતોના સરપંચો તેમજ આરોગ્ય કર્મચારીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ટી.બી. મુક્ત ભારત અભિયાનને સાર્થક કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ વિસ્તારની ૨૩ ગ્રામ પંચાયતોને ટી.બી. મુક્ત ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી છે, તે આનંદની વાત છે.

# ગોંડલના કરમાળ કોટડા ગામે ચેકડેમનું પાણી પુરવઠા મંત્રીના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

જસદણ,તા.૩૧

પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ગોંડલ તાલુકાના કરમાળ કોટડા ગામે રૂ. ૧.૯૫ કરોડથી વધુ રકમના ખર્ચે બનનારા ચેકડેમનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ તકે મંત્રી બાવળીયાએ કહ્યું હતું કે, કરમાળ કોટડા તથા જસદણના દોલતપર ગામે ભાદર નદી ઉપર નવો ચેકડેમ બનાવવાની છેલ્લા ઘણા સમયથી બંને ગામના સરપંચ અને આગેવાનોની માંગને



ધ્યાને લઈ તેની મંજૂરી સરકાર દ્વારા આપવામાં આવી છે. આશરે રૂ.૧,૯૫,૮૮,૪૦૦ ના ખર્ચે કરમાળ કોટડા અને દોલતપર ગામમાંથી પસાર થતી ભાદર નદી ઉપર આશરે ૧૮૦ મી. લંબાઈમાં અને ૧.૮૦ મી ઊંચાઈનો કોંક્રીટનો ચેકડેમ બાંધવાથી ઉપરવાસમાં આશરે ૧.૦ થી ૧.૨૫ કિ.મી. જેટલો પાણીનો ભરાવો થશે. જેથી ૬.૦૦ MCFT (૧૭ કરોડ લીટર) પાણીનો સંગ્રહ થશે. જેનો કુલ કેચમેન્ટ એરીયા ૯૫૬.૧૦ ચો. કિમી. જેટલો રહેશે. જેનાથી કરમાળ કોટડા અને દોલતપર ગામની આશરે ૩૦૦.૦૦ હેક્ટર ખેતીલાયક જમીનને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ મળી શકશે. આ ઉપરાંત કૂવાઓ ચાર્જ થશે અને જમીનમાં પાણીના તળ ઉંચા આવશે.

# IFS નિધિ તિવારીની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખાનગી સચિવ તરીકે નિમણૂંક

નવીદિલ્હી,તા.૩૧

કર્મચારી અને તાલીમ વિભાગ (ડીઓપીટી)એ તાજેતરમાં મંત્રાલયના ઘણા અધિકારીઓની ફરજોમાં ફેરફાર કર્યા છે, આ સંદર્ભમાં, આઈએફએસ નિધિ તિવારીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખાનગી સચિવ બનાવવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે નિધિ તિવારી ૨૦૧૪ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી છે. ડીઓપીટી દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, નિધિ તિવારી હાલમાં પીએમઓમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે કાર્યરત હતા, પરંતુ હવે તે પીએમના પર્સનલ સેક્રેટરી તરીકે કામ કરશે. પ્રધાનમંત્રી કાર્યાલયમાં નાયબ સચિવ તરીકે નિધિ તિવારીની સેવાઓની પ્રશંસા કરવામાં આવી છે, જેના કારણે તેમને નવી જવાબદારી સોંપવામાં આવી છે. પ્રધાનમંત્રીના અંગત સચિવ તરીકે, નિધિ તિવારીએ ઘણા મહત્વપૂર્ણ કાર્યો સંભાળવા પડશે, જેમાં પ્રધાનમંત્રીના રોજિંદા



કામનું સંકલન, મહત્વપૂર્ણ બેઠકોનું આયોજન અને વિવિધ સરકારી વિભાગો સાથે સંકલન વગેરેનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે નિધિ તિવારી ૨૦૧૪ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી છે, તે હાલમાં પીએમઓમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે કાર્યરત હતા. આઈએફએસ નિધિ તિવારીને નવેમ્બર ૨૦૨૨ માં પીએમઓના ડેપ્યુટી સેક્રેટરી બનાવવામાં આવ્યા હતા. પીએમઓમાં જોડાતા પહેલા, તેઓ વિદેશ મંત્રાલયમાં નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતોના વિભાગમાં અંડર સેક્રેટરી હતા.

# હૈદરાબાદ યુનિ. માં હોબાળો, વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રી રેવંત રેડ્ડી વિરુદ્ધ વિરોધ પ્રદર્શન

હૈદરાબાદ,તા.૩૧

હૈદરાબાદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ એચસીયુ ગચીબોવલીમાં ૪૦૦ એકર જમીનની હરાજી કરવાના સરકારના નિર્ણય સામે કેમ્પસમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. સાંજે ૬:૩૦ થી ૭:૦૦ વાગ્યાની વચ્ચે મુખ્ય દરવાજા પાસે વિરોધ શરૂ થયો હતો. લગભગ ૩૦-૪૦ વિદ્યાર્થીઓ હાથમાં પ્લેકાર્ડ લઈને એકઠા થયા હતા અને સરકારના નિર્ણય વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. બાદમાં, ગચીબોવલી પોલીસે તેમને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. ગચીબોવલી પોલીસ ઈન્સ્પેક્ટર મોહમ્મદ હબુબુલ્લાહ ખાને જણાવ્યું હતું કે કોઈ વિદ્યાર્થીની અટકાયત કરવામાં આવી નથી અને કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી. તેમણે પુષ્ટિ આપી કે વિરોધ થોડા સમય પછી શાંતિપૂર્ણ રીતે સમાપ્ત થયો. પોલીસના હસ્તક્ષેપ છતાં, વિદ્યાર્થી નેતાઓએ રાજ્ય સરકાર હરાજીની યોજના પાછી ખેંચી ન લે અને



જમીનને યુનિવર્સિટી તરીકે સત્તાવાર રીતે નોંધણી ન કરાવે ત્યાં સુધી તેમનું આંદોલન ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના પુતળાનું દહન કરીને વિરોધને વધુ તીવ્ર બનાવવાની યોજના બનાવી હતી, જેમણે તાજેતરમાં પ્રદર્શનકારીઓને "શિયાળ" કહ્યા હતા. જોકે, ઘણા પોલીસકર્મીઓએ પહેલાથી જ વિરોધને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસની દરમિયાનગીરી છતાં વિરોધીઓ પુતળા સળગાવવામાં સફળ રહ્યા, પરંતુ યુઓએચ વિદ્યાર્થી સંઘે આરોપ લગાવ્યો કે પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓ પર હુમલો કરવામાં આવ્યો અને તેમને ઈજા પહોંચાડવામાં આવી.

# પૂજા સ્થાન કાયદાની જોગવાઈને પડકારતી અરજીઓની આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

નવીદિલ્હી,તા.૩૧



સુપ્રીમ કોર્ટ મંગળવારે પૂજા સ્થાન અધિનિયમ, ૧૯૯૧ ની જોગવાઈની માન્યતાને પડકારતી અરજી પર સુનાવણી કરશે. આ કાયદો ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની પરિસ્થિતિ અનુસાર સ્થળના ધાર્મિક સ્વભાવને જાળવવાની જોગવાઈ કરે છે. સુપ્રીમ કોર્ટની ૧ એપ્રિલની કારણ યાદી અનુસાર, આ અરજીની સુનાવણી ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની બેન્ચ સમક્ષ કરવામાં આવશે. આ કાયદો કોઈપણ પૂજા સ્થળના ધાર્મિક સ્વભાવમાં કોઈપણ ફેરફારને પ્રતિબંધિત કરે છે. કાયદામાં જણાવાયું છે કે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ મુજબ સ્થળની ધાર્મિક પ્રકૃતિ જાળવી રાખવી જોઈએ. જોકે, અયોધ્યામાં રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ મુદ્દાને લગતા વિવાદને તેના કાર્યક્ષેત્રની બહાર રાખવામાં આવ્યો હતો.

# નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરમાં નિવૃત્ત થશે, પ્રધાનમંત્રીના આગામી ઉત્તરાધિકારી મહારાષ્ટ્રમાંથી હશે : સંજય રાઉતનો દાવો

મુંબઈ,તા.૩૧

વડાપ્રધાન મોદીએ નાગપુરમાં આરએસએસ સ્થાપકોને શ્રદ્ધાંજલિ આપી અને મોહન ભાગવતને મળ્યા. તેમની મુલાકાત પછી, શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે દાવો કર્યો કે પીએમ મોદી સપ્ટેમ્બરમાં નિવૃત્ત થશે. રાઉતે દાવો કર્યો હતો કે સંઘ આગામી પીએમ અને ભાજપ પ્રમુખની પસંદગી કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે નાગપુરમાં સંઘના સ્થાપકોને શ્રદ્ધાંજલિ આપી અને આરએસએસ વડા મોહન ભાગવતને મળ્યા. આ પછી, તેમણે દીક્ષા ભૂમિ પર બાબા સાહેબને શ્રદ્ધાંજલિ પણ આપી. દરમિયાન, શિવસેના-યુબીટી નેતા સંજય રાઉતે પીએમની નાગપુર મુલાકાત પર હુમલો કર્યો છે અને દાવો કર્યો છે કે પીએમ



મોદી સપ્ટેમ્બરમાં નિવૃત્ત થવાના છે. સંજય રાઉતે કહ્યું, 'પીએમ મોદીનો આગામી ઉત્તરાધિકારી મહારાષ્ટ્રનો હશે અને તેનો નિર્ણય સંઘ કરશે.' ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે પણ સંઘ નિર્ણય લેશે. એ સ્પષ્ટ દેખાય છે કે સંઘ જેને ઈચ્છે છે તે જ ભાજપ પ્રમુખ બનશે. મોદી માટે ૧૦ વર્ષ પછી નાગપુર જવું અને સરસંઘચાલકને મળવું એ કોઈ સામાન્ય વાત નથી. તેમણે કહ્યું, 'તેઓ કદાચ સપ્ટેમ્બરમાં તેમની નિવૃત્તિ અરજી લખવા માટે આરએસએસ મુખ્યાલય ગયા હતા.'

# દિલ્હીમાં અમુક જગ્યાએ ૮ કલાક અને અન્ય જગ્યાએ ૬ કલાકનો વીજકાપ : આતિશી

નવીદિલ્હી,તા.૩૧

દિલ્હીના ઘણા વિસ્તારોમાં વારંવાર વીજળી ગુલ થવાને કારણે લોકોમાં ગુસ્સો છે, જેના કારણે રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. આપ નેતા આતિશીએ ભાજપ સરકાર પર વીજ પુરવઠામાં નિષ્ફળતાનો આરોપ લગાવ્યો છે, જ્યારે ભાજપના શાસન પહેલા દિલ્હી ૨૪ કલાક વીજ પુરવઠા માટે જાણીતું હતું. રોહિણી, જનકપુરી જેવા ઘણા વિસ્તારોમાં કલાકો સુધી વીજળી ગુલ થવાના અહેવાલો છે. આ જ કારણ છે કે આ મુદ્દો હવે રાજકીય ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. ગઈકાલે રાત્રે વીજળી ગુલ થવાના કારણે દિલ્હીના ઘણા વિસ્તારોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ઘણી જગ્યાએ લોકો રસ્તા પર ઉતરી રહ્યા છે અને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હવે આ મુદ્દા પર રાજકારણ પણ ગરમાયું છે. પૂર્વ સીએમ આતિશીએ ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે જ્યારથી દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની છે, ત્યારથી પરિસ્થિતિ ખરાબ છે.

# ઉત્તરપ્રદેશના બદાયુમાં પ્રેમીએ પ્રેમિકાની ક્રૂર હત્યા કર્યા પછી લાશને ખેતરમાં દાટી દીધી

બદાયૂં,તા.૩૧

ઉત્તર પ્રદેશના બદાયુથી એક ભયાનક હત્યાની ઘટના સામે આવી છે. અહીં એક પ્રેમીએ તેની પ્રેમિકાની હત્યા કરાવી અને તેના મૃતદેહને દાટી દીધો. આ કેસની તપાસ કરતી વખતે, પોલીસે મહિલાનો મૃતદેહ કબજે કર્યો છે અને પ્રેમી અને તેના બે સાથીઓની ધરપકડ કરી છે. મહિલા નૃત્યાંગના ૧૮ ફેબ્રુઆરીથી ગુમ હતી અને તેનો પ્રેમી પોલીસ પાસે તેને શોધવાનો ડોળ કરતો રહ્યો.

આ સમગ્ર કેસમાં પોલીસે મહિલાના પ્રેમી રિઝવાનના ઈશારા પર તેનો મૃતદેહ કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. ૨૮ ફેબ્રુઆરીના રોજ, મહિલા નૃત્યાંગના મુસ્કાનના ગુમ થવા અંગે બદાયુના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં એક રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો હતો. આ




ફરિયાદ તેના મામાએ નોંધાવી હતી. મુસ્કાન ૧૮ ફેબ્રુઆરીથી ગુમ હતી અને તેના મામા અને બહેન તેને શોધવાનો સતત પ્રયાસ કરી રહ્યા હતા. મુસ્કાનના પરિવારે એફઆઈઆરમાં આરોપ લગાવ્યો હતો કે મુસ્કાનના પ્રેમી/પતિ રિઝવાને, જે ઉઝાની શહેરનો રહેવાસી છે, તેનું અપહરણ કરીને હત્યા કરી હતી. ઉઝાની વિસ્તારના અલ્લાહપુર ભોગી ગામના રહેવાસી રિઝવાન દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે પોલીસે ડાન્સર મુસ્કાનનો મૃતદેહ ખેતરમાંથી શોધી કાઢ્યો હતો.

# પ.બંગાળમાં રમખાણો ભડકાવવાનો પ્રયાસ, સરકાર લઘુમતીઓની સાથે : મમતા બેનર્જી

કોલકતા,તા.૩૧

દેશના વિવિધ ભાગોમાં ઈદનો તહેવાર ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો છે. ઈદના અવસર પર મુસ્લિમ સમુદાય સાથે ઘણી પાર્ટીઓના નેતાઓ પણ જોવા મળે છે. જોકે, આ દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક મોટો આરોપ લગાવ્યો છે. કોલકાતામાં ઈદની નમાજ દરમિયાન, સીએમ મમતા બેનર્જીએ કહ્યું - "બંગાળમાં રમખાણો ભડકાવવાના પ્રયાસો થઈ રહ્યા છે, આ જાળમાં ન ફસાઓ. બંગાળ સરકાર લઘુમતીઓ સાથે ઉભી છે, રાજ્યમાં કોઈ પણ તણાવ ભડકાવી શકશે નહીં." પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઈદના અવસર પર કોલકાતાની ઈદગાહમાં કહ્યું - "આપણે



ધર્મનિરપેક્ષ છીએ. નવરાત્રી ચાલી રહી છે, હું પણ એ જ ઈચ્છું છું, પરંતુ અમે નથી ઈચ્છતા કે કોઈ અરાજકતા ફેલાવે. સામાન્ય લોકો અરાજકતા ફેલાવતા નથી, પરંતુ રાજકીય પક્ષો આમ કરે છે. આ શરમજનક વાત છે. અમે બધા ધર્મો માટે આપણા જીવનનું બલિદાન આપવા તૈયાર છીએ. બહુમતીની ફરજ લઘુમતીઓનું રક્ષણ કરવાની છે, અને લઘુમતીઓની ફરજ બહુમતી સાથે રહેવાની છે." મમતા બેનર્જીએ ઈદના અવસર પર કહ્યું કે તેઓ ઈદ માટે લંડનથી વહેલા પરત ફર્યા છે.

# મોદી સરકાર સંઘીય શિક્ષણ માળખાને નબળું પાડી રહી છે : સોનિયા ગાંધી

નવીદિલ્હી,તા.૩૧

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ભારતની શિક્ષણ નીતિને લઈને મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ટીકા કરી છે. સોનિયાએ કહ્યું કે મોદી સરકાર સંઘીય શિક્ષણ માળખાને નબળું પાડી રહી છે. તે 'ઉસી' એજન્ડાને આગળ ધપાવી રહી છે અને તેના દ્વારા તે શિક્ષણ પ્રણાલી પર હુમલો કરી રહી



છે. અંગ્રેજી અખબાર 'ધ હિન્દ'માં લખાયેલા એક લેખમાં સોનિયા ગાંધીએ કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શિક્ષણને કેન્દ્રિય, વ્યાપારી અને સાંપ્રદાયિક બનાવે છે. સોનિયા ગાંધીએ કેન્દ્ર પર સંઘીય શિક્ષણ માળખાને નબળું પાડવાનો આરોપ લગાવતા કહ્યું કે મોદી સરકાર રાજ્ય સરકારોને મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયોથી દૂર રાખીને શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડી રહી છે. આ લેખમાં, કોંગ્રેસ સંસદીય પક્ષના પ્રમુખે ૮૯૦૦૦ શાળાઓ બંધ કરવા, ભાજપ-આરએસએસ સાથે સંકળાયેલા લોકોની ભરતી જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે.

# ઈદનો તહેવાર ગાઝાના લોકો માટે ઘાતક ઈઝરાયેલના હુમલામાં ૬૪ લોકોના મોત

ગાઝા,તા.૩૧

ઈદ ઉલ ફિત્રને લઈને સમગ્ર વિશ્વમાં ઉત્સવનો માહોલ હતો. જોકે, ઈદનો દિવસ પણ ગાઝાના લોકો માટે રાહતના કોઈ સમાચાર લઈને આવ્યો ન હતો. ઈદના અવસર પર પણ ઈઝરાયલે ગાઝા પર હુમલા ચાલુ રાખ્યા હતા. આ હુમલાઓમાં ગાઝામાં ઓછામાં ઓછા ૬૪ લોકો માર્યા ગયા છે. અલ જઝીરાના અહેવાલ મુજબ, ઈઝરાયલે વિવિધ વિસ્તારોમાં ભારે બોમ્બમારો કર્યો હતો જેમાં ડઝનબંધ લોકો ઘાયલ પણ થયા છે. દરમિયાન, ઈઝરાયલી સેનાએ ગાઝા પટ્ટીના દક્ષિણ શહેર રફાહના મોટાભાગના ભાગો ખાલી કરવાના આદેશો જારી કર્યા છે. સોમવારે જારી કરાયેલા આ આદેશો ઈઝરાયલે આ મહિનાની શરૂઆતમાં યુદ્ધવિરામ સમાપ્ત કર્યા અને હમાસ સામે હવાઈ અને જમીન યુદ્ધ ફરી શરૂ કર્યા પછી આવ્યા છે.

# ઈદ-ઉલ-ફિત્રનો તહેવાર સમાજમાં આશા, સંવાદિતા અને દયાની ભાવના વધારશે : વડાપ્રધાન મોદી

નવીદિલ્હી,તા.૩૧

દિલ્હી સહિત દેશના ઘણા ભાગોમાં રવિવારે સાંજે ઈદ-ઉલ-ફિત્રનો ચાંદ જોવા સાથે રમઝાન મહિનો સમાપ્ત થયો અને સોમવારે દેશભરમાં ઈદની ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને ઈદ-ઉલ-ફિત્રની શુભેચ્છા પાઠવી અને આશા વ્યક્ત કરી કે આ તહેવાર સમાજમાં આશા, સંવાદિતા



અને દયાની ભાવના વધારશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં, પીએમ મોદીએ લખ્યું, "ઈદ-ઉલ-ફિત્રની હાર્દિક શુભેચ્છાઓ. આ તહેવાર આપણા સમાજમાં આશા, સંવાદિતા અને દયાની ભાવનાને વધારે. આ તહેવાર તમારા બધા પ્રયત્નોમાં ખુશી અને સફળતા લાવે. ઈદની શુભકામનાઓ." આ ખાસ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. મુર્મુએ કહ્યું, "બધા દેશવાસીઓને, ખાસ કરીને મુસ્લિમ ભાઈ-બહેનોને, ઈદ-ઉલ-ફિત્રના શુભ અવસર પર અભિનંદન."

# ડોનાલ્ડ ટ્રમ્પે 'મોટા બોમ્બમારા'ની ધમકી આપ્યા બાદ ઈરાનની મિસાઈલો છોડવાની તૈયારી

વોશિંગ્ટન,તા.૩૧

ટૂંક સમયમાં દુનિયામાં બીજું એક મોટું યુદ્ધ ફાટી નીકળવાની શક્યતા દેખાઈ રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપતા કહ્યું છે કે જો તે નવા પરમાણુ કરાર માટે સંમત નહીં થાય તો તેને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે, જેમાં મોટા પાયે બોમ્બમારો અને આર્થિક દબાણનો સમાવેશ થાય છે. તે જ સમયે, ટ્રમ્પની ધમકી પછી, ઈરાન પણ મિસાઈલ છોડવા માટે તૈયાર છે. તેહરાન ટાઈમ્સના અહેવાલ મુજબ, "ઈરાને તેના ભૂગર્ભ મિસાઈલ બંકરમાં બધા લોન્ચર્સ લોડ કરી દીધા છે અને હુમલો કરવા માટે તૈયાર છે, કારણ કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપી હતી કે જો તે તેના પરમાણુ કાર્યક્રમમાં સમાધાન નહીં કરે તો દેશ પર બોમ્બમારો કરશે." જોકે, મિસાઈલ હુમલા અંગે ઈરાન દ્વારા સત્તાવાર રીતે કંઈ કહેવામાં



આવ્યું નથી. ઈરાને તાજેતરમાં ટ્રમ્પ સાથે વાત કરવાનો ઈનકાર કર્યો છે. આ ઘટનાક્રમ એવા સમયે થયો છે જ્યારે અમેરિકા યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરો પર હવાઈ હુમલા કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, ઈરાનના પરમાણુ કાર્યક્રમને લક્ષ્ય બનાવીને લશ્કરી કાર્યવાહીનો ભય રહેલો છે. તમને જણાવી દઈએ કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે જો ઈરાન તેના પરમાણુ કાર્યક્રમ અંગે તેમની સાથે સહમત નહીં થાય તો ઈરાન પર બોમ્બમારો કરવામાં આવશે. આ સાથે તેમણે ઈરાન પર વધારાના ટેરિફ લાદવાની પણ વાત કરી છે.

# મ્યાનમારમાં આવેલ વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક ૧૭૦૦એ પહોંચ્યો, ૩૫ લાખ લોકો બેઘર બન્યા

મ્યાનમાર,તા.૩૧

ચાર દિવસ પહેલા આવેલા શક્તિશાળી ભૂકંપને કારણે મ્યાનમારમાં અરાજકતાનો માહોલ છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં લગભગ ૧૭૦૦ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. તે જ સમયે, ૩૪૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે અને ૧૩૯ ગુમ છે. હજુ પણ ઘણા લોકો કાટમાળ નીચે દટાયેલા છે. ચાર દિવસ પછી પણ બચાવ કામગીરી ચાલુ છે. રાહત અને



બચાવ કાર્યકરોની સાથે, સ્થાનિક લોકો પણ તેમના પ્રિયજનોને શોધવા માટે કાટમાળ દૂર કરવામાં વ્યસ્ત છે. તે જ સમયે, તીવ્ર ગરમીને કારણે, મૃતદેહોમાંથી દુર્ગંધ આવવા લાગી છે. હવામાં શ્વાસ લેવાનું પણ મુશ્કેલ બની રહ્યું છે. ભૂકંપની તીવ્રતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે લગભગ ૩૫ લાખ લોકો બેઘર થઈ ગયા છે. પરિસ્થિતિ એવી છે કે હોસ્પિટલોમાં જગ્યાની અછત છે અને દર્દીઓને રસ્તાઓ પર કામચલાઉ સારવાર આપવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારે આવેલા ભૂકંપને કારણે ઘણી ઈમારતો ધરાશાયી થઈ હતી જેના કારણે વ્યાપક નુકસાન થયું હતું. મ્યાનમાર લાંબા સમયથી ચાલતા ગૃહયુદ્ધની ઝપેટમાં છે, અને ત્યાં પહેલેથી જ એક મોટું માનવતાવાદી સંકટ છે.

# ગોંડલના બિલિયાળા ખાતે મુખ્યમંત્રીના હસ્તે 'મેન્સ્ટુઅલ હાઈજીન અવેરનેસ કેમ્પ'નો શુભારંભ

રાજકોટ,તા.૩૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તા.૩૧ના રોજ રાજકોટ - ગોંડલ હાઈવે પર બિલિયાળા ખાતેથી 'મેન્સ્ટુઅલ હાઈજીન અવેરનેસ કેમ્પ'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત પાન હેલ્થ એન્ડ હાઈજીન પ્રા.લી. કંપની દ્વારા અંદાજે રૂ.૯૧ લાખના ખર્ચે સમગ્ર રાજ્યના આદિવાસી વિસ્તાર તથા સરકારી શાળાઓની ૨,૫૧,૦૦૦ જેટલી દીકરીઓને સેનિટરી પેડનું નિઃશુલ્ક વિતરણ




કરવામાં આવશે. આ નવા યુનિટના ઉદ્‌ઘાટન પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતને આરોગ્ય ક્ષેત્રે ગ્લોબલ હબ બનાવવાનો નિર્ધાર કર્યો છે, ત્યારે આજે શરૂ થયેલ આ પ્લાન્ટ વડાપ્રધાનના નિર્ધારને પૂર્ણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ભારત વૈશ્વિક સ્તરે વિકાસયાત્રામાં અગ્રેસર છે ત્યારે વર્તમાનની જરૂરિયાતને અનુરૂપ ઉત્પાદનોનું નિર્માણ કરવું તે પ્રશંસનીય કદમ છે તેમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનના માર્ગદર્શનમાં છેવાડાના ગામ અને સામાન્ય માનવી સુધી આરોગ્યની સેવાઓ સરળતાથી મળે તેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. વડાપ્રધાનના નેતૃત્વમાં આપણે હોલિસ્ટીક હેલ્થ કેરની પ્રણાલીને આત્મસાત કરી છે. રાજ્ય આરોગ્યલક્ષી સેવાઓના ઉત્પાદનમાં પણ અગ્રેસર છે.

# અમરેલી સહિત રાજયના વિવિધ શહેરોમાં આજથી હળવા વરસાદની આગાહી

**આવતીકાલે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં હીટવેવની આગાહી સાથે યેલો એલર્ટ**

રાજકોટ,તા.૩૧

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૭ દિવસ માટે આગાહી કરવામાં આવી છે. જે મુજબ આજે સૌરાષ્ટ્રના પોરબંદર, ગીર સોમનાથ, ભાવનગર અને



દીવમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે અને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આવતીકાલે પણ પોરબંદર, ગીર સોમનાથ અને દીવમાં હીટવેવની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. રાજ્યમાં આગામી ચાર દિવસ જુદા જુદા જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં આજે દક્ષિણ ગુજરાતના નર્મદા, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દીવ તેમજ દાદા નગર હવેલીમાં હળવો વરસાદ વરસી શકે છે. તો સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં હળવો વરસાદ વરસી શકે છે.

# અમદાવાદમાં ઓઢવ બ્રિજની નીચે આગ લાગતા ઉપ વાહનો સ્વાહા

અમદાવાદ,તા.૩૧



અમદાવાદ શહેરના રિંગરોડ પર ઓઢવ બ્રિજની નીચે ટ્રાફિક પોલીસ દ્વારા ડિટેઈન કરવામાં આવેલા વાહનોમાં આગ લાગવાની ઘટના બની હતી. વહેલી સવારે અચાનક જ વાહનોમાં આગ લાગતા ફાયરબ્રિગેડની બે ગાડીએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આગમાં કુલ ૩૩ ટુ-વ્હીલર અને ૨ ગાડીઓ ખાક થઈ ગઈ હતી. જેમાં ૨૨ ડિટેઈન કરેલાં વાહનો હતાં અને ૧૧ ટુ-વ્હીલર અન્ય લોકોએ પાર્ક કરેલા હતા.

# સાણંદના વિરોચનગર ગામે કાર કેનાલમાં ખાબકતા એક જ પરિવારના ત્રણના મોત

સાણંદ,તા.૩૧

અમદાવાદના સાણંદ તાલુકાના વિરોચનનગર ગામે મેલડી માતાજીના દર્શન કરીને પાછા ફરી રહેલા ગાંધીનગરના ઝુંડાલ ગામના રબારી પરિવારની કારને અકસ્માત નડ્યો હતો. કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર કેનાલમાં ખાબકી હતી. જેમાં પરિવારના ત્રણ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો



અને બે લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી અનુસાર, ચૈત્ર નવરાત્રીના નોરતા હોવાથી ગાંધીનગરના ઝુંડાલનો રબારી પરિવાર સાણંદ તાલુકાના વિરોચનનગર ગામે મેલડી માતાજીના દર્શન કરવા ગયો હતો. જે દરમિયાન દર્શન કરીને પરત ફરી રહેલા આ દર્શનાર્થીઓની કાર અકસ્માતનો ભોગ બની હતી. ડ્રાઈવરે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર પાણી ભરેલી કેનાલમાં ખાબકી હતી. આ અકસ્માતમાં એક જ પરિવારના કનુ દેસાઈ, વિશાલ દેસાઈ અને દર્શન દેસાઈએ જીવ ગુમાવ્યો છે, જ્યારે બે વ્યક્તિનો આબાદ બચાવ થયો છે.

# અમદાવાદના બાપુનગર વિસ્તારમાં કારચાલકે ચાર લોકોને અડફેટે લીધા

અમદાવાદ,તા.૩૧



અમદાવાદના બાપુનગર વિસ્તારમાં એક જગ્યાએ જોર-જોરથી અવાજ આવતો હતો. કંઈ બન્યું હોય તેવું લાગતાં જોવા માટે ગયેલા લોકો પર કારચાલકે ફૂલ સ્પીડે કાર ચલાવીને તેમને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ત્રણથી ચાર લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને મોડી રાતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવના સીસીટીવી પણ સામે આવ્યા છે. જેમાં પૂરઝડપે જતી કાર અકસ્માત કરી રહી હોવાનું દેખાઈ રહ્યું છે. આ અંગે બાપુનગર પોલીસનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, મોડી રાતનો અકસ્માતનો બનાવ છે જે અંગે ટ્રાફિક પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# કચ્છ જિલ્લામાં ૪૧ લાખના કોકેઈન અને અફીણના જથ્થા સાથે બેની ધરપકડ

ભુજ,તા.૩૧

કચ્છ જિલ્લામાં માદક પદાર્થના વેચાણની પ્રવૃત્તિ સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ભુજ એસઓજીએ બે શખ્સોની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી ૪૧ લાખની કિંમતનું કોકેઈન અને અફીણ જપ્ત કરવામાં આવ્યું છે. ભુજના કોડકી રોડ પર આવેલી ઓક્સવુડ સોસાયટીમાંથી પોલીસે મયૂર રસિકલાલ સોની



અને પંજાબના ગુરદેવસિંઘ ઉર્ફે મનિન્દર સિંઘને પકડ્યા છે. આરોપીઓ પાસેથી ૪૧ ગ્રામ કોકેઈન અને ૨ ગ્રામ અફીણ મળી આવ્યું છે. પોલીસે આરોપીઓની કાર, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ ૪૬,૨૦,૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓએ કબૂલ્યું કે તેમને આ માદક પદાર્થ પંજાબથી એક અજાણ્યા શખ્સ પાસેથી મળ્યો હતો. પોલીસે આરોપીઓ વિરુદ્ધ માનકુવા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કચ્છમાં દરિયાઈ માર્ગે અને અન્ય રસ્તે આવતા માદક પદાર્થના વેપલા સામે પોલીસ સતત કાર્યવાહી કરી રહી છે.

**જસદણના આંબરડીમાં જીવનશાળા હોસ્ટેલમાં શિક્ષણ જગત શર્મસાર**

# ગૃહપતિ, આચાર્યએ સગીર સાથે સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય કરતા પોલીસ ફરિયાદ

જસદણ, તા.૩૧

રાજકોટ જિલ્લામાં શિક્ષણ જગતને શર્મસાર કરતી વધુ એક ઘટના સામે આવી છે. જેમાં જસદણના આંબરડી ખાતે આવેલી જીવનશાળા હોસ્ટેલના ગૃહપતિ તેમજ આચાર્યએ સગીર સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ છે.



ગુરુની ગરિમાને લાંછન લગાડનાર ગૃહપતિ કિશનભાઈ ગાંગળિયાએ સગીર સાથે અભદ્ર કૃત્ય કરતા ભોગ બનનારે આચાર્યને રજૂઆત કરી હતી. ત્યારે ગૃહપતિને અટકાવવાને બદલે આચાર્ય રત્ના રાઘવાણી પણ આ કુકર્મમાં સામેલ થઈ ગયો હતો. જોકે સગીરે પોતાના પરિવારને જાણ કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. જસદણ પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બંનેને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.




# સુરતમાં પોલીસની કારમાંથી દારૂની બોટલો મળતા પીએસઆઈ સસ્પેન્ડ

સુરત,તા.૩૧

સુરતમાં પોલીસની કારમાંથી દારૂની બોટલો મળી આવતાં પીએસાઈ એ.એ. પટેલ ઝડપાયા હતા, પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. માહિતી અનુસાર, સુરતમાં ગઈકાલે પોલીસની નંબર પ્લેટવાળી ખાનગી કારમાંથી દારૂની બોટલો સાથે પીએસઆઈ એ.એ. પટેલ ઝડપાયા હતા. રાંદેર પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ પટેલ ફરજ પર હતા. પોલીસ પ્લેટવાળી પોતાની ખાનગી કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તે દારૂની બોટલો સાથે નશાની હાલતમાં પકડાયાં હતા. આ દરમિયાન ત્યાં હાજર લોકોએ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવીને વાયરલ કરી દીધો હતો. જોકે, આ દરમિયાન એવો દાવો કરવામાં આવ્યો હતો કે પીએસઆઈ પટેલને બચાવવા માટે, તેમને રિક્ષામાં ઘરે મોકલવામાં આવ્યા હતા જેથી મામલો થાળે પડી શકે. જોકે, આ બાબતની નોંધ એક વરિષ્ઠ પોલીસ અધિકારી દ્વારા લેવામાં આવી હતી.

# રાજયમાં કુપોષણ પર કરોડો ખર્ચ કર્યા પછી પણ પાંચ વર્ષમાં ૧૮,૨૩૧ નવજાત બાળકોના મોત

ગાંધીનગર,તા.૩૧

કુપોષણ મુક્ત ગુજરાતનો નારો ગુંજાવવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, કુપોષણ પર કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે, પરંતુ બાળ મૃત્યુદરમાં કોઈ સુધારો થયો નથી. CAG રિપોર્ટમાં ખુલાસો થયો છે કે છેલ્લા પાંચ વર્ષમાં જન્મના ૨૪ કલાકની અંદર ૧૮,૨૩૧ નવજાત શિશુઓ મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત,



૮૩,૫૩૮ નવજાત શિશુઓ એક વર્ષ પણ જીવી શક્યા નથી. આમ, ગુજરાત સરકાર કુપોષણને કાબૂમાં લેવામાં ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે. ગુજરાતમાં માતાના પોષણના નામે લાખો કરોડ રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે, છતાં જન્મ સમયે ઓછું વજન અને અપૂરતી વૃદ્ધિ ધરાવતા કુપોષિત બાળકોની સંખ્યા વધી રહી છે. આ સાથે, નવજાત શિશુઓનો મૃત્યુદર પણ વધી રહ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે. ગુજરાત સરકારે ૫૦૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે, છતાં આજે ગુજરાતમાં ૫.૪૦ લાખ બાળકો કુપોષિત છે.







